

# અધ્યાત્મ

વર્ષ—૨ સપ્ટેમ્બર—૧૯૮૧ અંક—૧૨

## લવાજમ મોકલાવો.

'અધ્યાત્મ'ને સપ્ટે. ૮૧માં બે વર્ષ પૂરાં થાય છે; એટલે ગ્રાહકોને વિનંતી કે તેઓ ત્રીજા વર્ષનું લવાજમ તંત્રીને મની ઓર્ડરથી વેળાસર મોકલાવે. સરનામું:—

**નારાયણ હ. જાની** (તંત્રી, અધ્યાત્મ)
૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર ૩૬૪૦૦૧

જે ગ્રાહકો અમદાવાદ, વડોદરા, સુરત મુંબઇ, મોરબી, પાલનપુર કે ભાવનગર ખાતેનાં કેન્દ્રો મારફત થયા હોય, તેઓને ૨૫મી સપ્ટે. ૮૧ સુધીમાં પોતાનાં લવાજમો તેઓને પહોંચાડવા વિનંતી છે. કેન્દ્રોનાં સંચાલકોનાં નામ ને સરનામાં ટાઇટલ-૩ ઉપર છે.

## પરદેશનું લવાજમ.

( વિમાનથી BY AIR-MAIL )

ભારત સરકારના તાર-ટપાલ ખાતાએ પરદેશની ટપાલો-ના દરમાં બે મહિના પહેલાં ઘણો વધારો કરી દીધો છે. એટલે વિમાનથી માસિકના અંકો મોકલવાનું ખૂબ મોંઘુ થઈ ગયું છે. આથી ન છૂટકે અધ્યાત્મનું પરદેશનું વાર્ષિક લવાજમ તા. ૧-૧૦-૮૧ થી રૂા. ૧૦૦ ને બદલે રૂા. ૧૨૫ કરવામાં આવે છે. ટપાલના દરોનો વધારો ૪૦ ટકા ઉપર છે. પરંતુ અધ્યાત્મના લવાજમમાં ૨૫ ટકા વધારો ન છૂટકે કરવો પડયો છે. તો ગ્રાહકો ક્ષમા કરે ને વધારેલા લવાજમની નોંધ લે.

—તંત્રી.



શ્રી યોગેશ્વરજી

## સમાગમ

વિનશ્વર વિશ્વે સનાતન કોણ આ,
મિત્રસ્નેહી સ્વજન સઘળા પાંથશા
મળે ખેલ ઋણાનુબંધતણા કરે
હર્ષશોક ધરે, બને અભિશાપ કે
શ્રેષ્ઠ આશીર્વાદશા વિવિધસ્થળે,
જાય તે પાછા ન તે રૂપે મળે.

સમાગમ જીવોતણો શાશ્વત નથી
તોયે બુદ્ધિ રહેતી સુજને કથી,
સમાગમમાં આપણા જે આવતાં
સ્નેહનાં સુમનો સનાતન લાવતાં
મંદિરે મીઠી પરબાંપર બેસતાં
વૃક્ષની શીળી સુખદ છાયામહીં
વાત કરતાં જે ઘડી કે બે ઘડી
એમની સંભાળ પૂરી રાખવી,
સમાગમનાં સ્વાદુ ફળને ચાખવાં,
સંમિલન તો સફળ સાર્થક આપણું
ઠરે, ને વિરહે રહે ના તાપવું.

--શ્રી યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૨ અંક : ૧૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૦૦-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮
**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની
**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ
**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઇ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઇ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની
**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
* દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| વિચારોની શક્તિ | ૩ | શ્રી યોગેશ્વરજી |
| અધ્યાત્મના બે વર્ષ | ૫ | સંપાદક |
| મનની સફાઇનો માર્ગ | ૬ | પ્રદીપ ઉપાધ્યાય |
| જીવન જીવી જાણીએ | ૮ | જે. વી. શાહ |
| વૈદિક સંસ્કૃતિ–શ્રેષ્ઠ સંસ્કૃતિ | ૧૦ | ઈશ્વર પેટલીકર |
| 'રામકૃષ્ણ કથામૃત'ના લેખક શ્રી માસ્ટર મહાશય | ૧૪ | નારાયણ હ. જાની |
| પ્રકાશના પંથે | ૨૧ | દીપક પ્ર. મહેતા |
| સાધુની શોધમાં | ૨૬ | મણિભાઈ શાહ |
| શ્રેયયાત્રા | ૩૪ | ભાઈલાલભાઈ છાટબાર |
| તમારો પ્રેમ | ૪૦ | શ્રી યોગેશ્વરજી |
| પ્રાર્થના | ૪૧ | સર્વેશ્વરી |
| પરદેશમાં પંદરમી ઓગષ્ટ | ૪૨ | સર્વેશ્વરી |
| શ્રદ્ધા સર્જે છે ચમત્કાર | ૪૮ | રાજુભાઈ પુરોહિત |
| ગઢાળીના આંબા શેઠ | ૫૧ | નાનુભાઇ દવે |
| અમર મંત્ર | ૫૬ | કલ્યાણભાઇ હ છાયા |
| રામકથા | ૫૭ | શ્રી યોગેશ્વરજી |



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો**

વર્ષ : ૨ સપ્ટેમ્બર-૧૯૮૧ અંક : ૧૨


## વિચારોની શક્તિ

**શ્રી યોગેશ્વર**

એક માણસ માંદગીના વિચારો કર્યા કરતો. પોતે ખૂબ જ બીમાર છે. સંસારમાં સૌથી વધારે બીમાર છે, એવી ભાવનાઓનું સેવન કરતો. પરિણામે સ્વાસ્થ્યને ના સાચવી શકતો. વારંવાર માંદગીમાં અને કેટલીકવાર તો ભયંકર માંદગીમાં સપડાતો. દવા કરતો તોપણ દવાઓ એને લાગુ પડતી નહીં. એની પાસે અઢળક સંપત્તિ હતી તો પણ એનો ઉપભોગ એ નહોતો કરી શકતો. વિચારતો કે હું સંસર-માં સૌથી વધારે કંગાળ છું. મારી પાસે કશું જ નથી, મારે ઐશ્વર્ય મેળવવાની અને એને માટે મહેનત કરવાની આવશ્યકતા છે. એના અનેક મિત્રો અને સ્વજનો હોવા છતાં એ માનતો કે સંસારમાં મારું કોઈ જ નથી, હું એકલો જ છું, મારા જીવનમાં કશો રસ-કસ નથી. એવા વિપરીત વિચારો ને લીધે એનું મુખમંડળ મ્લાન રહેતું, દિલ દુઃખી રહેતું, અને જીવનના રહ્યા સહ્યા આનંદને અનુ-ભવવાનું કાર્ય એને માટે આકાશ કુસુમ સમાન અશક્ય બની જતું. એની પડોશમાં રહેતો બીજો માણસ અભાવગ્રસ્ત હોવા છતાં પોતાને અભાવગ્રસ્ત માનવાને બદલે આનંદપૂર્વક જીવતો. એ પોતાને

# મનની સફાઇનો માર્ગ

પ્રદીપ ઉપાધ્યાય 'પરખ'

પૂ. શ્રી યોગેશ્વરજી તા. ૮મી ઓગસ્ટના દિવસે ઇંગ્લેંડ, અમેરિકા અને કેનેડાના પ્રવાસે જવા નીકળ્યા ત્યારે તે અગાઉ તા. ૫-૬-૭મી ઓગસ્ટ મુંબઈ રોકાયા હતા.

તા. ૬ઠ્ઠી ઓગસ્ટ ને ગુરુવારે, વડાલા ખાતે શ્રીજીતુભાઈ-ને ત્યાં પૂ. શ્રી ના ભક્તો સાંજે ૬ થી ૮ વાગ્યાના અરસા-માં તેમને મળવા આવ્યા હતા,-દર્શનાર્થે.

પૂ. શ્રી. એ શાંત અને શિસ્તપ્રિય ભક્તોને પૂછ્યું, તમારે કાંઈ પૂછવું હોય તો પૂછો.

એક ભાઈ ઠેઠ પાલનપુરથી તેમના ખાસ દર્શનાર્થે મુંબઈ આવ્યા હતા. એમણે પૂછ્યું: "મનનું ઓપરેશન કેવી રીતે થઈ શકે?"

પૂ. શ્રી. એ ઉત્તર આપ્યો, "મનનું ઓપરેશન"? ઓપ-રેશન તો નહીં પણ સફાઈ કરી શકાય—જેમ ચાદર ધોઈએ છીએ તેમ. ચાદર તો બીજી વ્યક્તિ પાસે ધોવડાવી શકાય, પરંતુ મનને માટે તો જાતે જ પરિશ્રમ લેવો પડે. તેમાં હું તમને માર્ગદર્શન આપી શકું. પણ બીજું તો શું કરી શકું? જેમ ચાદર ધોવા માટે સાબુ, અરીઠાં, સર્ફ અને પાણીની જરૂર પડે, તેમ મનરૂપી ચાદર ધોવા, સત્સંગરૂપી સાબુ, પ્રભુ પ્રત્યેના અનુરાગરૂપી અરીઠાં, સ્વાધ્યાયરૂપી સર્ફ જોઈએ. પ્રભુ પ્રત્યેના પ્રેમરૂપી પાણી જોઈએ અને ત્યારપછી તેમાં રહેલા ભેજ, વિકાર ને ઉડાડવા તપ-શ્રદ્ધારૂપી તડકો જોઈએ. ત્યારે મનરૂપી ચાદરની સફાઈ પૂરી થઈ, એમ ગણાય."



મનુષ્ય માત્ર જન્મે છે, ત્યારે તેનું મન નિર્મળ હોય છે. પરંતુ ઉંમર વધવાની સાથે ઘર, સમાજ, શાળા અને વ્યવ-હારમાંથી ઘણું બધું એવું ગ્રહણ કરી લે છે, જે મનરૂપી ચાદર ઉપર અનેક જાતના ડાઘા ને ધાબાં પડી જાય છે. છેવટે વિકારોના વિચારો મનમાં અશાન્તિ સર્જે છે અને જાતે ઊભી કરેલી આ અશાંતિના વમળોમાં માણસ ઘૂમરીઓ ખાયા જ કરે છે."

એનો ઈલાજ તો જ બને કે જો મનરૂપી આ ચાદરની સફાઈ કરવાનું માણસ વિચારે.

પરંતુ મોટા ભાગના માણસો આ સંબંધે વિચારતા જ નથી. જે થોડુંય વિચારે છે, તે એનો માર્ગ જાણતા નથી. જે બન્ને જાણે છે, તે આચરતા નથી.

જે કામ જાતે જ કરવાનું છે તે બીજા કોણ કરી આપશે? એટલે જ આપણામાં કહેવત પડી છે. "આપ મુવા સિવાય સ્વર્ગે ન જવાય", એ ખરેખર યથાર્થ છે.

# જીવન જીવી જાણીએ

સંકલન : જે. વી. શાહ

માણસ કેટલું જીવ્યો એ મહત્ત્વનું નથી. પરંતુ એ કેવું જીવ્યો તે મહત્ત્વનું છે. ટીપુ સુલતાન કહેતો કે ઘેટાની જેમ સો વર્ષ જીવવા કરતાં વાઘની જેમ એક ક્ષણ જીવવાનું હું વધારે પસંદ કરું. એથી તો સાચવી સાચવીને સો વર્ષ જીવનાર કરતાં અણી અવસરે જીવ આપી દેનાર ઇતિહાસને પાને અમર બની જાય છે.

રાલ્ફ વાલ્ડો અમર્સને એક જગ્યાએ લખ્યું છે, કે જો આપણા જીવનમાં કંઇ ગણતરી કરવા જેવું ન જ હોય તો આયુષ્યનાં વર્ષો ગણવાની આપણને ઈચ્છા થાય છે.

ગુજરાતના ગામડાંઓમાં હજારો માણસો નેવું કે સો વર્ષના થઈને મૃત્યુ પામ્યા હશે, પરંતુ ૨૨ વર્ષની ઉંમરે અવસાન પામેલા કલાપીની જેમ તેમને કોઈ યાદ કરતું નથી.

કારણ કે ૨૨ વર્ષમાં કલાપીએ જે અદ્દભુત કાવ્ય સર્જન કર્યું એ એમના જીવનની અપૂર્વ સિદ્ધિ હતી.

આમ માણસના આયુષ્યમાં કેલેન્ડરના વર્ષો ઉમેરવાથી કે પૃથ્વીની પ્રદિક્ષણાની સંખ્યા ઉમેરવાથી માણસ અમર થઈ શકતો નથી. એલેકસીસ કેરલ નામના એક વિદ્વાને કહ્યું છે કે મોટી વાત તમારા જીવનમાં વર્ષો ઉમેરવાની નથી, પણ તમારાં વર્ષોમાં જીવન ઉમેરવાની છે.

આથી આપણા માટે વર્ષોમાં જીવન ઉમેરવાનો પુરુષાર્થ આરંભવાનો છે કે જેથી આપણું જીવન અન્ય પ્રકૃતિના સર્જન કરતાં વધારે ઉચ્ચ સાબિત થઇ શકે. આપણે હેતુપૂર્ણ જીવન જીવીએ, ધ્યેય નિષ્ઠ બનીએ, અને ધ્યેયની પૂર્તિના પુરુષાર્થમાં કદી પ્રમાદી સાબિત ન થઈએ. તો જ જીવન. જીવવાનો આનંદ માણી શકીએ.


સંત પુરુષોનો સમાગમ, સેવા ને તેઓના ઉપદેશોનું જીવનમાં આચરણ માણસને આત્મિક માર્ગે આગળ લઈ જાય છે તે સમય જતાં, 'સ્વ'નો સાક્ષાત્કાર કરવાને સમર્થ બનાવે છે.

શ્રી યોગેશ્વરજી

**કનેરીયા એન્જીનીયરીંગ વકર્સ**

શાંતિભાઇ કનેરીયા

**ઓઇલ એન્જીનના ઉત્પાદકો**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૧

ફોન. નં ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭

જેણે મનનદ્વારા મનને જીત્યું અને પોતાના મૂળ સ્વરૂપનો સાક્ષાત્કાર સાધી લીધો એને મુનિ કહેવામાં આવે છે.

યોગેશ્વર

PHONES : 292326. 295639 RESI: 441332
GRAM : 'NITSARAD' TELEX NO. 011. 6188. NITI

**S. V. Enterprise**

**J. V. SHAH**

**Worldwide Exporters**

203, Sharoa Chambers, 15, New Marine Lines,
Post Bag No. 11490, Bombay 400020.

# વૈદિક સંસ્કૃતિ–શ્રેષ્ઠ સંસ્કૃતિ

ઈશ્વર પેટલીકર.

[ શ્રી. ઈશ્વર પેટલીકરે 'લોકસાગરને તીરે'ના તા. ૨૦–૮–૮૧ સંદેશના લેખમાં લંડનની સેંટ જેમ્સ સ્કૂલ વિષે જે વિગતો આપી છે. તે દરેક ભારતીયને પ્રેરક બને તેવી છે, એટલું જ નહિ, પરંતુ સંસ્કૃત ભાષામાં રહેલા આપણા વૈદિક વારસાનું મૂલ્ય સમજી તે ભાષા આપણે પણ શીખીએ ને આપણાં બાળકોને પણ શીખવીએ, એ દૃષ્ટિએ અહીં સાભાર આપ્યો છે. —તંત્રી ]

ગુજરાતની લંડનમાં વસતી નવી પેઢીને માતૃભાષા ભણવાની સુવિધા જેમ આલ્પર્ટન હાઈસ્કૂલમાં થઈ છે, તેમ લંડનના હૃદયસમા કોંસગટન વિસ્તારમાં આવેલી સેંટ જેમ્સ ઈન્ડીપેન્ડન્ટ સ્કૂલ ફોર બોયઝ એન્ડ ગર્લ્સ તરફથી પ્રેરણા મળે તેમ છે એ શાળામાં સંસ્કૃત ભાષા ફરજીયાત વિષય છે. અને તેમાં કંઈ ભારતીય વિદ્યાર્થીઓ જ ભણતા નથી, પણ એના ૯૦૦ વિદ્યાર્થીઓમાંથી ૯૯ ટકા તો અંગ્રેજ વિદ્યાર્થીઓ છે. અર્ધોઅર્ધ વિદ્યાર્થીનીઓ છે.

આપણે ત્યાં સંસ્કૃત ભાષા ભણવાની ઉદાસીનતા છે અને તે ભણાવવાની શિક્ષણતંત્રની એથીય મોટી ઉદાસીનતા છે. કોમર્સના વિદ્યાર્થીઓ કહે છે અમારે સંસ્કૃત ભણવાની શી જરૂર ? જ્યારે લંડનની એ શાખામાં અંગ્રેજ છોકરા–છોકરીઓ ફરજિયાત સંસ્કૃત ભણે છે. જે ગુજરાતી વિદ્યાર્થીઓ માટે માતૃભાષા ભણવાની પ્રેરણા આપે એવી એ શાળા કહી શકાય.

શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના શ્રદ્ધેય



સ્વામી વિવેકસાગરદાસજીએ આ શાળાની માહિતી સ્વામી નારાયણ પ્રકાશ માસિકના ઓગસ્ટ ૮૧ના અંકમાં આપી છે. એ પોતે સંસ્કૃતના વિદ્વાન છે વૈદિક સાહિત્યના અભ્યાસી છે. વિદ્વત્તા સાથે અસરકારક અભિવ્યક્તિની શકિત છે. પૂ.શ્રી પ્રમુખસ્વામીની સાથે એ લંડન પ્રવાસમાં હતા ત્યારે એમને જાણવા મળ્યું કે અહીંની એક શાળા સંસ્કૃત ભાષા ફરજિયાત ભણાવે છે પણ એ શાળાની મુલાકાત લીધા વિના એમને ચેન ક્યાંથી પડે ? એમણે શાળાના આચાર્ય શ્રી. નિકોલસ ડેબનહને પ્રશ્ન કર્યો કે તમને આ સંસ્કૃત શિક્ષણની પ્રેરણા કેવી રીતે મળી ?

એમણે જે જવાબ આપ્યો તે સંસ્કૃત શિક્ષણનું જીવનોપયોગી મહત્ત્વ સૂચવે છે. એમણે કહ્યું કે ત્રીસેક વર્ષથી આ વિસ્તારમાં સ્કૂલ ઓફ ફિલોસોફી નામના રાત્રિ વર્ગો ચાલે છે. તેમાં તત્ત્વજ્ઞાન વિષયક ચર્ચા–વિચારણા થાય છે. વિવિધ ધર્મોના તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં અમે એવા નિષ્કર્ષ ઉપર આવ્યા કે કેવળ તત્વચર્ચા કરવાથી કંઈ હાથમાં નહિ આવે; પણ ઊંચા તત્ત્વજ્ઞાન પ્રમાણેનું જીવન થવું જોઈએ, એના ફળ સ્વરૂપે નક્કી થયું કે વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિ. એ વૈદિક સંસ્કૃતિ છે. તેના તત્ત્વજ્ઞાન પ્રમાણે જીવન ઘડવું હોય તો સંસ્કૃતિ સાથે ભાષાનો સીધો સંબંધ છે એટલે સંસ્કૃત ભાષાનો અભ્યાસ અનિવાર્ય છે. સદ્ભાગ્યે અમારા મંડળમાં પ્રો. મેકલોરી સંસ્કૃતના સારા વિદ્વાન છે. તેમણે બધાંને સંસ્કૃત શીખવવા માંડયું. અમે વિચાર્યું કે અમને આ વિચાર મોડો આવ્યો પણ વિદ્યાર્થીઓને શરૂઆતથી સંસ્કૃત ભણાવીએ તો આગળ જતા તેમાંથી વૈદિક સંસ્કૃતિ પ્રમાણે જીવન જીવતો એક વિશિષ્ટ સમાજ ઊભો થાય, આથી અમારે ત્યાં સેંટ જેમ્સ સ્કુલ ચાલે છે તેમાં ૧૦ વર્ષ પૂર્વે સંસ્કૃત ફર-

જિયાત વિષય દાખલ કર્યો. પ્રો. મેકલોરીએ સંસ્કૃતના શિક્ષકો તૈયાર કર્યા.

આપણને થાય છે કે આ શાળામાં સંસ્કૃત ફરજિયાત હોવાથી તે વિદ્યાર્થીઓને પસંદ પડે નહિ ને તેમાં ના છૂટકે દાખલ થાય. પરંતુ જે માહિતી લેખમાં છે તે જોતાં તેમ બન્યું નથી. વિદ્યાર્થીઓનો ધસારો વધતો રહ્યો છે અને ત્યાં પુરતી જગ્યા ન હોવાથી બીજી શાળા શરૂ કરી છે છતાં પહોંચી શકાતું ન હોવાથી, મોટી જગા શોધી રહ્યા છે. વળી ભણવા આવનાર વિદ્યાર્થીઓ ભદ્રવર્ગના છે અને વાર્ષિક ૧૬૦૦ પાઉન્ડ ફી ભરીને, તેમનાં મ.બાપ મોકલે છે. વળી એ શાળાના શિક્ષકો તેમના પોતાના વિષયના જાણકાર હોય તે પૂરતું ગણાતું નથી. ગણિત, વિજ્ઞાન ગમે તે વિષયના હોય, પરંતુ તે બધા શિક્ષકોને સંસ્કૃત આવડતું હોવું જોઈએ, તે વિના શિક્ષકની પસંદગી કરાતી નથી અને આ સંસ્કૃત જાણનાર બધા શિક્ષકો અંગ્રેજો છે. વિદ્યાર્થીઓની સંસ્કૃતની પ્રાચીન પ્રણાલિકા પ્રમાણે પાણિની રચિત વ્યાકરણ લઘુસિદ્ધાંત કૌમુદીથી અભ્યાસનો પાયો દઢ કરાય છે. આમ આ શાળામાં આપણા દેશના બારમા ધોરણ સુધીની ૧૮ વર્ષની ઉમ્મર સુધી ફરજિયાત સંસ્કૃત વિદ્યાર્થીઓ ભણે છે.

શાળામાં છોકરા અને છોકરીઓના અલગ વર્ગો છે. કન્યાઓને સંસ્કૃત ઉપરાંત ભારતીય નૃત્ય શીખવવામાં આવે છે જેથી લજ્જાયુકત શીલની વૃદ્ધિ થાય. શિક્ષણનો હેતુ કેવળ જીવનનિર્વાહ માટે નહિ, પણ જીવન ઉદ્ધાર માટે હોવો જોઈએ.

વિદ્યાર્થીઓને શાકાહાર અપાય છે. તેમાંય તળેલું. વઘારેલું કે તીખું તમતમતું અપાતું નથી. પણ પૌષ્ટિક અને સાત્ત્વિક



આહાર અપાય છે. જેથી વિદ્યાર્થીઓનાં મન નિર્મળ રહે. વિદ્યાર્થીઓને ઘેર માંસાહાર હોય છે, પણ ત્યાં શિક્ષણ પામેલો વિદ્યાર્થી ભાવિ જીવનમાં શાકાહારી રહીને વૈદિક સંસ્કૃતિ પ્રમાણે જીવન જીવશે તેવી શ્રદ્ધા શાળા રાખે છે.

પશ્ચિમના ઔદ્યોગિક યુગે ભૌતિક જીવન તરફ એકદમ દોટ મૂકી તેમાંથી સમન્વય સાધવા લંડનની આ શાળામાં પ્રયત્ન થઈ રહ્યો છે, ત્યારે ત્યાંના આપણા વિદ્યાર્થીઓને જ નહિ પણ આપણને સૌને એ શિક્ષણનો હેતુ પ્રેરક બને તેવો છે.

## અધ્યાત્મ માટે

વેશ પરિવર્તન, દેશ પરિવર્તન, વ્યવસાય પરિવર્તન કરીને વૃત્તિ પરિવર્તન થશે, આ ખોટી આશા છે, વૃત્તિનો વેશ, વૃત્તિનો દેશ અને વૃત્તિનો વ્યવસાય બદલવાને માટે ઈશ્વરાર્પિત જીવન આ એક જ રસ્તો છે.

# 'રામકૃષ્ણ કથામૃત'ના લેખક શ્રી માસ્ટર મહાશય [હપ્તો ત્રીજો]

## [ શ્રી. રામકૃષ્ણ પરમહંસના અનન્યભક્ત ]

નારાયણ હ. જાની

શ્રી. રામકૃષ્ણઃ-( માસ્ટર મહાશય ) તમે સાકાર ઈશ્વરમાં માનો છો કે નિરાકારમાં, એ જરા મને કહો.

શ્રી. એમ. આ સાંભળી આશ્ચર્ય પામ્યા. અને સ્વતઃ કહેવા લાગ્યાઃ "જો કોઈ એમ માને કે ઈશ્વર એ સ્વરૂપ ધારી છે ( એટલે કે સાકાર છે) તો તે સ્વરૂપ વગરનો છે એમ શી રીતે મનાય? વળી જો કોઈ નિરાકાર ઈશ્વરમાં માને તો પાછો એ સ્વરૂપધારી છે એમ પણ શી રીતે માની શકાય? અરે બે વિરોધી મન્તવ્યો એક સાથે સાચાં કેવી રીતે હોઇ શકે? શું એકી વખતે દૂધ ધોળું અને કાળું કદી સંભવી શકે?

પછી શ્રી. એમઃ—ગુરુદેવ, હું તો ઈશ્વરના નિરાકારપણામાં માનું છું.

શ્રી. રામકૃષ્ણઃ—એ તો ઘણું સરસ. ઈશ્વરના કોઈપણ એક પ્રકારમાં શ્રદ્ધા હોવી જરૂરી છે. તમને ઈશ્વરના નિરાકારપ્રકારમાં શ્રદ્ધા છે; તે જરૂર સારું છે. પરંતુ કદી પણ એવું ન માનતા કે તમારો એકલાનો મત જ સાચો છે અને બાકીના બીજા બધા ખોટા છે. એ નિશ્ચિતરૂપે સમજી લો કે કોઈ સ્વરૂપ સિવાયનો ઈશ્વર જેટલો સત્ય છે, એટલો જ સ્વરૂપધારી ઈશ્વર પણ સત્ય છે જ. આ સમજી લીધા પછી તમારી જેમાં શ્રદ્ધા થતી હોય તેને વળગી રહો.

શ્રી. માસ્ટર મહાશય આ સાંભળી દંગ થઈ ગયા! અરે! આ બંને માન્યતાઓ સાચી હોઈ શકે શું? આવું તો કદી એમના ભણતરમાં આવ્યું જ નથી. આમ એમના અહંને ત્રીજો ધક્કો લાગ્યો. જો કે હજી તે સંપૂર્ણપણે નષ્ટ થયું ન હતું એટલે એમણે ગુરુદેવ સાથે પોતાનો વિવાદ જારી રાખ્યો.



શ્રી. એમઃ– પણ ગુરુદેવ, માની લો કે સ્વરૂપધારી ઈશ્વર સત્ય છે તો શું એનો અર્થ એવો ન થાય કે માટીની પ્રતિકૃતિ સાથે તે એકરૂપ છે?

શ્રી રામકૃષ્ણઃ-અરે! એ માટીની મૂર્તિ છે એમ શું કામ કહો છો? એ મૂર્તિ તો ચિન્મય છે.

માસ્ટર મહાશયને એ ન સમજાયું કે "મૂર્તિ તો ચિન્મય છે" એનો શો અર્થ થાય. આથી એમણે તુરત કહ્યું, "જેઓ માટીની મૂર્તિની પૂજા કરતા હોય તેઓને સમજાવવા જોઈએ કે માટીની મૂર્તિ એ કંઈ ભગવાન નથી. વળી જ્યારે તેઓ એ મૂર્તિ સમક્ષ પ્રણામ કરે ત્યારે તેઓએ હંમેશ યાદ રાખવું જોઈએ કે તેઓ ભગવાનને જ ભજે છે; નહિ કે માટીની મૂર્તિને"

શ્રી રામકૃષ્ણઃ-( કટાક્ષમાં ):-તમે કલકત્તાના રહેવાસીઓ બીજાઓને સમજાવવા કે તેમની સમક્ષ ભાષણો કરવા સિવાય–આ બાબતમાં બીજું કરો છો પણ શું? તમે કદી તમારી જાતને પૂછો છો ખરા કે સત્યને કયી રીતે પામી શકાય? અને તમે વળી બીજાઓને શિખવનારા કોણ હાલી નીકળ્યા છો? અરે, વિશ્વનો નિયંતા પ્રભુ, સમગ્ર માનવજાતને શિખવનારો તો બેઠો છે જેણે માણસો માટે આટલું બધું કર્યું છે–એ શું આપણને પ્રકાશની પ્રાપ્તિ કરાવવામાં ઊણો ઉતરશે? આપણે જો ખરેખર શિખવાની જરૂર હશે તો તે આપણને જરૂરથી શિખવશે. આપણી બધીજ મનોવાંછનાઓને એ સારી રીતે સમજે છે"

“અને માની લો કે ભગવાનની મૂર્તિને પૂજવી એ ભૂલ છે, તો એ શું એ પ્રભુ નથી જાણતો એ દ્વારા એની એકલાની જ પૂજા થઈ રહી છે? એ પૂજાથી એ તો ખરેખર પ્રસન્ન થવાનો જ. એ માટે તમારે નકામું માથું દુખાવાની ભલા શું જરૂર છે? તમે તમારું જ સંભાળો ને પ્રભુનું જ્ઞાન ને ભક્તિ શી રીતે પ્રાપ્ત થાય તેનો થોડો પ્રયત્ન કરો તો વધારે સારું”

હવે તો માસ્ટર મહાશયને લાગ્યું તેના અહંના સંપૂર્ણ ચૂરેચરા થઈ ગયા છે. આથી એમણે સ્વતઃ કહ્યું, “અરે! એમણે જે કહ્યું એ તો ખરેખર સત્ય છે. હું વળી બીજાઓને બોધ આપનાર કોણ? શું મેં જાતે પ્રભુને ઓળખ્યા છે? અરે, મારામાં શું એમને માટેની કોઈ ભક્તિ પણ છે! હું તો ખરેખર એવો છું કે જેને પોતાને જ સૂવાની પથારીનું ઠેકાણું નથી ને જે બીજાને સૂવા માટે નોતરી લાવે છે. હું પોતે તો ભગવાનને પામ્યો નથી; વળી એમના વિષે ખાસ કંઇ સાંભળ્યું પણ નથી. છતાંય એ મારા માટે કેવું શરમજનક ને મુર્ખામીભરેલું ગણાય કે હું બીજાઓને ભગવાન વિષે શિખવી શકવાનું વિચારું છું! આ કંઈ થોડું ગણિત, ઇતિહાસ, કે સાહિત્ય છે કે જે ગમે તે વ્યક્તિ બીજાને શિખવી શકે! એ તો સૃષ્ટિના એકમાત્ર સત્યરૂપ ઈશ્વર વિષેનું જ્ઞાન. ગુરુદેવ રામકૃષ્ણદેવ સાથેનો આ એમનો પહેલો અને છેલ્લો વિવાદપૂર્ણ વાર્તાલાપ બની રહ્યો.

શ્રી. રામકૃષ્ણઃ-તમે કંઈ માટીની મૂર્તિને પૂજવાની વાત કરતા હતા. ભલે ને એ માટીની બનેલી હોય, છતાં એ પ્રકારની પૂજાની જરૂર પણ છે. ભગવાને પોતે જ જુદા જુદા ભક્તોના સ્વભાવ અને વિકાસના તબક્કાઓને અનુકૂળ થાય એવા ભક્તિના ઘણા પ્રકારોની વ્યવસ્થા કરી છે.



“દાખલા તરીકે એક માને પાંચ બાળકો છે. પાંચે બાળકોના સ્વભાવ, રુચિ ને શારીરિક તંદુરસ્તીને ધ્યાનમાં લઈને મા એક જ ચીજમાંથી જુદી જુદી વાનગીઓ બનાવે છે. મારી આ વાત તમને સમજાઇ કે?”

એમઃ-હા. જી. (પછી નમ્રતાપૂર્વક) અમે અમારાં મન પ્રભુને કેવી રીતે સમર્પિત કરી શકીએ?

શ્રી રામકૃષ્ણઃ-ભગવાનના નામનું સ્મરણ કરો અને એના મહિમા ને ગુણોનું સતત ગાન કરતા રહો. વળી સારા ને પવિત્ર પુરુષોનો સંગ કરો. સાધકે અવાર નવાર પવિત્ર પુરુષો ને ઇશ્વરના ભક્તોનાં દર્શન ને સત્સંગ માટે જતા રહેવું જોઈએ. માણસ જો દિવસ અને રાત દુનિયામાં જ રચ્યોપચ્યો રહે, ને દુન્યવી ફરજો અને કામોમાં જ ડૂબેલો રહે, તો તે ઇશ્વરનું ચિંતન કદી કરી નહિ શકે. એટલે એ ખૂબ જરૂરી છે કે માણસે થોડા થોડા સમયના અંતરે એકાંતમાં ચાલ્યા જવું ને પ્રભુનું ચિંતન કરવું. દાખલા તરીકે ઝાડ જ્યારે નાનું હોય ત્યારે તેની ચારે બાજુ પાકી વાડ કરવી જોઈએ. જેથી બકરાં કે ઢોર તેને ખાઈ ન જાય.

જ્યારે ધ્યાન કરવું હોય, ત્યારે જંગલના કોઈ એકાંત સ્થાન કે શાન્ત ખૂણામાં પહોંચી જાઓ અને તમારા અંતરના અંતરતમમાં ડૂબકી મારો. હંમેશા તમારી વિવેક શક્તિ-જાગૃત રાખો પછી વિચારો. ઇશ્વર જ એક નિત્ય છે. સનાતન છે. બાકી સંસારના બધા જ પદાર્થો વિનાશશીલ ને અનિત્ય છે; કારણ તે બધા જ એક દિવસ નષ્ટ થઇ જવાના છે. આ રીતે જ્યારે તમે વિવેકપૂર્વક નિત્ય અને અનિત્યનો ભેદ પારખશો. પછી તમારા મનને આ દુનિયાના વિનાશશીલ પદાર્થોની આસક્તિમાંથી મુક્ત થવા દો.

એમઃ-[નમ્રતાપૂર્વક] માણસે આ દુનિયામાં શી રીતે

રહેવું અને કૌટુમ્બિક જીવન જીવવું જોઈએ ?

શ્રી રામકૃષ્ણઃ-તમારી બધી જ ફરજો બજાવો, પણ તમારું મન ઈશ્વરમાં રાખો. મા, બાપ, પત્ની, પુત્ર બધાંની સાથે રહીને ને બધાની સેવા કરો-જે રીતે તમે તમારી પોતાની જાતની કરો એ રીતે. પરંતુ તમારા હૃદયના ઊંડાણમાં સમજી લો કે આમાંનું કોઇ તમારું પોતાનું નથી.

શ્રીમંતના ઘરમાં દાસી પોતાનું બધું કામ કરે છે, છતાં તેનું પોતાનું મન તો પોતાના વતનના ઘરમાં જોડાયેલું રહે છે. વળી તે પોતાના માલિકનાં બાળકોને પોતાનાં બાળકોની જેમ ઉછેરેય છે અને વાતચીતમાં આ મારો રામ આ મારો હરિ એમ કહે પણ છે, પરંતુ એ પોતાના મનમાં તો બરાબર સમજે છે કે આ કોઈ એનાં પોતાનાં નથી. કાચબી સરોવરના પાણીમાં ઘૂમતી રહે છે, પણ તમને ખબર છે, એનું મન કયાં હોય છે ? તળાવના કાંઠે જ્યાં એણે પોતાનાં ઈંડાં મૂકયાં હોય છે. એમ તમે પણ તમારી બધી દુન્યવી ફરજો બજાવતા રહો, પરંતુ તમારા મનને તો ઈશ્વરના વિચારો સાથે જોડેલું રાખો. ઈશ્વર પ્રત્યેના અનુરાગને કેળવ્યા સિવાય જો તમે કૌટુમ્બિક જીવનમાં પડશો, તો દિવસે દિવસે તેમાં વધારે ગૂંચવાતા જશો. તમે સાંસારિક ભયો, દુઃખો ને શોકોના આઘાતોને સહન કરવા કે તેમનો સામનો કરવા કદી શકિતમાન નહિ થાઓ. વળી જેમ જેમ તમે સંસારના પદાર્થોના વિચાર કરતા થશો, તેમ તેમ તેમાં વધારે ને વધારે આસકત થતા જશો.

તમે ફણસને કાપવા માંડો, તે પહેલાં તમારા હાથે જેમ તેલ ચોપડવું જરૂરી છે કે જેથી કરી ફળનો ચીકણો રસ, હાથે ન ચોંટે. એ પ્રમાણે દુન્યવી ફરજો બજાવતાં પહેલાં તમે તમારી જાતને પ્રભુના પ્રેમથી રંગી દો, જેથી દુનિયાની કલુષિતતાની અસર તમારા ઉપર ન થાય.



"પરંતુ તમને થશે કે પ્રભુનો આ પ્રેમ શી રીતે વિકસાવવો ? તો તેને માટે એકાંતમાં રહેવું જોઈએ. દૂધમાંથી માખણ બનાવતાં પહેલાં જેમ એકાદ જુદી દોણીમાં એનું દહીં બનાવવું પડે. પરંતુ કેવળ દૂધને જ જો વલોવ્યા કરો, તો દહીં થોડું જ થઈ જવાનું ? એ માટે દૂધને ઠરવા દેવું પડે. એ જ પ્રમાણે તમારે બધાં કામો પડતાં મૂકીને, એકાંતમાં શાંતિથી બેસવું પડે; જેથી પ્રભુનો પ્રેમ તમારા હૃદયમાં પ્રકટે ને વિકસે. તે પછી જ પ્રભુ પ્રેમરૂપી માખણની પ્રાપ્તિ તમને થશે."

"જો તમે એકાંતમાં શાંત સ્થળે બેસીને ઈશ્વરનું ધ્યાન ધરવા માંડશો તો તમને અનાસક્તિ, જ્ઞાન અને ઈશ્વર માટેની ભક્તિ પ્રાપ્ત થશે. પરંતુ જો તમે માત્ર સાંસારિક વિચારો જ કરતા રહેશો, તો તમારું અધઃપતન થશે. દુનિયામાં લોભ અને આસક્તિના વિચારો સિવાય બીજું હોય છે પણ શું ?"

"આ દુનિયા પાણી જેવી અને આપણું મન દૂધ જેવું છે. જો આ બન્નેને ભેગાં કરો તો પછી ચોકખું દૂધ શોધ્યું જડશે પણ નહિ. પરંતુ જો તમે પહેલાં એ દૂધને આથીને દહીં કરશો ને તેનું માખણ બનાવી દેશો, પછી પાણીમાં એને ભેળવી દેશો, તો તે અલગ રહી તર્યાં કરશે. પાણી સાથે કદી એકરૂપ નહિ થાય. એટલે તમારે સૌ, પ્રથમ આધ્યાત્મિક સાધના કરી, જ્ઞાન અને ઈશ્વરની ભક્તિરૂપી માખણ પ્રાપ્ત કરી લેવું, પછી દુનિયાનું પાણી તેને બગાડી નહિ શકે. એ પોતાનું અલગ સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખશે."

"એ સાથે સાથે તમારી વિવેક શકિતને પણ હંમેશ જાગ્રત રાખતાં શીખો. સુવર્ણ એને શારીરિક વાસનાના સંતોષનું સુખ કેવું ક્ષણિક છે ! જ્યારે ઈશ્વર જ એક સના-

તન છે. અરે પૈસો તમને શું આપશે? આપી આપીને ખોરાક કપડાં ને રહેવાનું ઘર કે બીજું કાંઈ! ઈશ્વરને ઓળખવામાં તે કદી મદદરૂપ નહિ થઈ શકે. એટલે પૈસો આપણા જીવનનું ધ્યેય કદી બની શકે નહિ. આમ સમજવું એનું નામ જ વિવેક. સમજાયું હવે તમને?" [ ક્રમશઃ ]

[ ક્રિસ્ટોફર ઈશરવુડના 'રામકૃષ્ણ અને એમના ભકતો' આધારે ]

મનને પરમાત્મ તરફ અભિમુખ કરો. સાધનાનો સર્વોત્તમ હેતુ જીવનને સર્વોત્તમ બનાવવાનો છે.

શુભ કર્મો ને શુભ વિચારનો સંચય એ જ સ્વર્ગ છે.

જ્યાં સુધી જીવન છે, ત્યાં સુધી ગાફેલ ન થવું, ગીતા એ તો ત્યાં સુધી કહ્યું છે કે અંતકાળે પણ ગાફેલ ન રહેવું.

જ્યાં સુધી શ્વાસ છે, ત્યાં સુધી આત્મિક શોધન કરવાનું જરૂરી છે.

જે બીજાની સેવા કરે છે, તેને આત્મપરિક્ષણ કરવાની ખાસ આવશ્યકતા છે.,



# પ્રકાશના પંથે

[ આત્મકથા ]
[ ગતાંકથી ચાલુ ]

લે. **શ્રી યોગેશ્વરજી**
સંક્ષેપ : **દીપક પ્ર. મહેતા**

**સ્વામી શિવાનંદની મુલાકાત અને અલૌકિક અનુભવ**

ગંગાના પવિત્ર તટ પર એક નાનું સરખું મકાન હતું. તેની ઓસરીમાં સ્વામી શિવાનંદ આંટા મારતા હતા, ત્યાં જઈને મેં તેમનું દર્શન કર્યું. તેમણે મને ઓળખી લીધો. મારા વિગતવાર લખેલ પત્રની તેમને યાદ હતી. મને જોઈને તો ખુશ થયા, પણ તેમના મુખ પર સહેજ અણગમાની છાયા ફરી વળી. તેનું કારણ સ્પષ્ટ હતું. એમના આશ્રમમાં હું આટલો વહેલો પહોંચીશ તેની તેમને કલ્પના પણ ન હતી. મારા પત્રના પ્રત્યુત્તરમાં તેમણે મને ઉત્સાહજનક પત્ર લખેલો એ સાચું, પણ યોગ્ય સમય આવતાં મને બોલાવી લેવામાં આવશે એવી સૂચના કરવામાં આવેલી. તેમણે મને જોઈને કહ્યું : 'તમે આવી ગયા? તમે ઉતાવળ કરી. પત્રમાં મેં તમને રાહ જોવાની સૂચના કરેલી.'

મેં કહ્યું, બરાબર છે. મને તેની યાદ છે, પણ મારાથી અહીં આવ્યા વિના રહી શકાયું નહીં. મને પરમાત્માના સાક્ષાત્કારની લગની લાગી છે, મારી ઇચ્છાની પૂર્તિ વિના મને શાંતિ મળવાનો સંભવ નથી. આવા શાંત વાતાવરણમાં રહેવા મળે તો થોડા વખતમાં મારી ઇચ્છા પૂરી થાય અને મને શાંતિ મળી શકે. એટલે અહીં રહેવાનો નિશ્ચય કરીને જ આવ્યો છું.'

તેમના મુખ પરની ગંભીરતા સહેજ ઘટી ગઈ. મારી વાતને શાંતિપૂર્વક સાંભળીને મને ઉત્તર આપ્યો : 'તમારી વાત સમજી શકાય છે. પણ અહીં આશ્રમમાં પૂરતી વ્યવસ્થા

નથી, માટે હજી થોડો વખત ગુજરાતમાં જઈને રાહ જુઓ. પછી હું તમને બોલાવી લઈશ.'

મને વિચાર થયો કે પ્રભુ મારી પરીક્ષા કરે છે કે શું? હિમાલયમાં રહેવાનો વિચાર કરીને તો હું આવ્યો છું હવે હું ખાલી હાથે પાછા ફરવાનો વિચાર જ કેવી રીતે કરી શકું? એટલે સ્વામીજીએ આપેલી પાછા જવાની સલાહ મને રુંચી નહીં

કંઈક કરુણ સ્વરમાં મે કહેવા માંડયું : 'મારી ભાવના પૂરી ના થાય ને મને પૂર્ણ શાંતિ ના મળે ત્યાં સુધી કોઈ યે સંજોગોમાં મારો પાછા જવા વિચાર નથી. કોઈ કલ્પના કે ભાવનામાં તણાઈ જઈને તરંગી મનોદશાને લીધે હું અહીં આવ્યો નથી, પણ ઈશ્વરરૂપી માની કૃપા મેળવવાના ચોક્કસ હેતુથી, આવ્યા વિના રહેવાયું નહીં તેથી આવ્યો છું. મુશ્કેલીઓનો સામનો કરવાની મારી તૈયારી છે. અગવડમાં સગવડ શોધી લેવાની મારી ઇચ્છા છે. અહીં રહેવા નહીં મળે તો હું આગળ પહાડમાં જઈશ અને ઈશ્વરની કૃપા માટે મહેનત કરીશ.'

'પહાડમાં કયાં જશો? પહાડમાં તમને ખાવાનું કોણ આપશે? સ્વામીજી બોલી ઊઠ્યા.

મેં કહ્યું : 'ખોરાકની મને ચિંતા નથી. ઈશ્વરના હાથમાં મેં મારી જાતને સોંપી દીધી છે. ઈશ્વર જ્યાં લઈ જશે ત્યાં જઈશ ને ખાવાનું નહીં મળે તો ભૂખ્યો રહીશ. પણ મારી ભાવના પૂરી કરીને જ જંપીશ ને શાંતિનો શ્વાસ-લઈશ.'

મારા શબ્દોની અસર તેમના પર કેવી થઈ તે પ્રભુ જાણે પણ તેમણે કહ્યું : 'ઠીક, હમણાં આરામ કરો. પછી જોઈ લેવાશે.' અને અમે છૂટા પડયા.

ઋષિકેશમાં શિયાળાની ઋતુમાં સાંજ પડતાં વાર નથી



લાગતી. થોડા જ વખતમાં આકાશ સંધ્યાની રંગોળીથી રંગાઈ ગયું. આશ્રમમાં તે વખતે સ્વામી કૃષ્ણાનંદ હતા. તેમણે મને મમતાભરી ભાષામાં બોલાવ્યો. તેથી હું તેમની પાસે ગયો. તે ટાઈપનું કામ કરતા હતા. મારી સાથે વાતો કરીને તે ખુશ થયા. તેમના પોતાના જીવનપ્રવાહની વાતો પણ તેમણે મને કહી બતાવી. મારા પર તેની સારી અસર થઈ. આશ્રમમાં એક બીજા મદ્રાસી યુવાન સંન્યાસી હતા. તેમનું નામ રામચંદ્ર હતું. તે પણ ભારે સંસ્કારી અને પવિત્ર પ્રકૃતિના હતા. તેમની સાથે પણ મારે સ્નેહ થયો. તેમણે મને ઉત્સાહ આપ્યો.

આશ્રમમાં કેટલીક પ્રવૃત્તિઓ ચાલતી. તે જોઈને મને થયું કે આવી પ્રવૃત્તિ તો ઘેર રહીને પણ થઈ શકે. તે કરવા સાધકો અહીં શા માટે આવતા હશે? આશ્રમમાં તો કેવળ સાધના જ હોય. તેથી પહેલે દિવસે આશ્રમની છાપ મારા પર બહુ સારી ન પડી. પણ વરસો વીતતાં મને લાગ્યું કે મારો વિચાર અને ખ્યાલ અધૂરો હતો. સાધકો બધો જ સમય સાધનામાં ભાગ્યે જ ગાળી શકે, તેથી બાકીના સમયમાં બાધક નહીં પણ સાધક પ્રવૃત્તિ કરે તે ખોટું નથી, તેથી તેમને અને બીજાને લાભ જ થશે. સાધનામાં જ મગ્ન બનેલા કેટલાક ઉચ્ચકોટિના સાધકોને બાદ કરતાં બીજા સાધકો સાધના સાથે પ્રવૃત્તિપરાયણ બને તે સારું છે.

આમ આશ્રમનું વાતાવરણ મને શરૂઆતમાં બહુ સારું ન લાગ્યું પણ સ્વામીજી અને આશ્રમના બીજા બેત્રણ સભ્યોનું વ્યક્તિત્વ મને ગમી ગયું એટલે મેં આશ્રમમાં રહેવા માંડયું.

પણ લાંબા વખત લગી રહેવાનો લેખ મારા લલાટમાં નહોતો લખાયેલો. આશ્રમમાં પહોંચ્યા પછી બીજે કે ત્રીજે દિવસે એક પ્રસંગ બન્યો. તેણે મારા જીવન પર શકવર્તી

અસર પહોંચાડી, ને થોડા જ વખતમાં મેં સ્વેચ્છાએ આશ્રમની વિદાય લઈને ગુજરાતની પુણ્યભૂમિમાં ફરીથી પ્રવેશ કર્યો.

આશ્રમનિવાસના બીજા કે ત્રીજા દિવસે સાંજે ભોજન કરીને હું કીર્તનમાં સામેલ થયો. કીર્તન માટે એક સ્વતંત્ર ઓરડાની વ્યવસ્થા હતી. તેમાં ભગવાન શ્રીકૃષ્ણનું એક મોટું તૈલચિત્ર રાખવામાં આવેલું.

મને તે કીર્તનખંડમાં જ ઉતારો આપવામાં આવેલો. એટલે કીર્તનનો કાર્યક્રમ પૂરો થયા પછી તે ખંડમાં જ હું આરામ કરતો.

તે રાતે મારી દશા જરા જુદી જ હતી. પ્રેમ અને ભકિતના ભાવથી મારું હૃદય ભરાઈ ગયું. તે રાતે અખંડ જાગરણ કરીને પ્રભુને પ્રાર્થના કરવાનો મેં વિચાર કર્યો. પ્રાર્થનાની શકિતમાં મને વિશ્વાસ હતો. પરમાત્માની સાથે આત્માનું અનુસંધાન કરવાના અકસીર સાધન તરીકે મને તેના પર પ્રેમ હતો.

કારતક મહિનો હોવાથી ઠંડી સારા પ્રમાણમાં હતી. રામચંદ્ર નામે એક સ્નેહી ને સાત્વિક સાધુપુરુષે મને કામળો આપ્યો અને મારું કામ સહેલું થયું. મારામાં કોઇ યોગ્યતા ન હોવા છતાં મારી શ્રદ્ધા અડગ હતી. યોગ્યતાનો વિચાર આવતાં મારા સ્મૃતિપટ પર તુલસીદાસની પેલી પ્રસિદ્ધ પંકિતના ભાવો ઊભા થતા.

અજામિલ ગીધ વ્યાધ, ઇનમેં કહો કૌન સાધ,
પંછીકો પદ પઢાત, ગણિકાકો તારી,
દીનન-દુઃખ-હરન-દેવ સંતન હિતકારી.

પ્રાર્થનાથી મન ભરાઈ ગયું. પ્રેમની પ્રબળતાને લીધે આંખમાંથી આંસુ ચાલ્યાં. અવસ્થા અત્યંત કરુણ બની એ દશામાં દીવો પણ ઓલવાઈ ગયો ને મને ઊંઘ આવી ગઈ.



ઊંઘ ઊડી ત્યારે મેં બહાર જોયું તો હજી અંધારું જ હતું. લગભગ રાતના બે કે ત્રણનો સમય હશે. કામળો ઓઢીને પદ્માસન વાળીને મેં ફરીવાર પ્રાર્થના ને ધ્યાનની શરૂઆત કરી. હજી શાંતિ મળી ન હતી. શાંતિ ક્યારે મળશે તેની ચિંતા મનમાં થયા કરતી. તે દશામાં ધ્યાનાવસ્થામાં શરીર-ભાન ભૂલી જવાનો અનુભવ મને પહેલી જ વાર પ્રાપ્ત થયો. એ અનુભવ કેટલો વખત ટક્યો તે મને યાદ નથી. હું હજી પદ્માસન વાળીને જ શાંતિનો અનુભવ કરતો બેઠો હતો ત્યાં જ વળી એક બીજો અલૌકિક અનુભવ શરૂ થયો. મારા હૃદયમાંથી કોઈ બોલતું હોય તેવા સ્પષ્ટ સુમધુર શબ્દો સંભળાયા. કોણ બોલે છે તેની મને ખબર ન હતી, પણ શબ્દો અંતરના છેક ઊંડાણમાંથી આવતા હતા. 'તમે નિત્ય સિદ્ધ છો, નિત્ય બુદ્ધ છો, નિત્ય મુકત છો, સંસારમાં ગમે તે સ્થળે જશો, ગમે ત્યાં રહેશો, ને ગમે તે કામ કરશો, પણ માયા તમને કાંઇ નહીં કરી શકે. માયાના બંધનમાં તમે કદી પણ નહીં પડો. માટે ચિંતા કરશો નહીં. તમારી ઇચ્છા પ્રમાણે ગમે ત્યાં રહો ને વિચરણ કરો.'

શબ્દો કેટલા બધા સ્પષ્ટ હતા? બુદ્ધ ભગવાનના દર્શન પછી જાગૃત દશામાં થયેલો જીવનનો આ બીજો અનુભવ હતો. આ અનુભવને લીધે મારા મનમાં અખંડ અને અનંત શાંતિ ફરી વળી. અંતરમાં અનેરો અને અસીમ આનંદ ઉછળવા માંડ્યો. મને થયું કે જીવન ધન્ય થયું, હિમાલયનો ફેરો સફળ થયો. ઈશ્વરે એવી રીતે મારા પર કૃપા કરી. રોજનીશીમાં તેની નોંધ કરીને હું બેઠો ત્યારે મારા અંતરમાં ઈશ્વરની કૃપાનો વરસાદ વરસ્યો તેમ બહાર પણ વરસાદ વરસતો હતો. પૂરેપૂરા પ્રકાશની પ્રતીક્ષા કરતાં સવારનો શેષ સમય મેં શાંતિપૂર્વક પસાર કર્યો. [ ક્રમશઃ ]

# સાધુની શોધમાં

આચાર્યશ્રી ક્ષિતિમોહનસેન
અનુવાદક : મણિભાઈ શાહ

[ શ્રી. મણિભાઈ શાહ આ લેખના અનુવાદક શાંતિનિકેતનમાં રહીને ભણેલા અને આચાર્ય શ્રી ક્ષિતિમોહનસેનના પ્રત્યક્ષ પરિચયમાં પણ આવેલા. તેઓ બંગાળી ભાષા સારી રીતે જાણે છે. અધ્યાત્મના વાંચકોને તેમના લખાણોમાંથી અહીં થોડું આપીએ છીએ.

આચાર્યશ્રી ક્ષિતિમોહનસેન આંતરપ્રાંતીય ખ્યાતિ ધરાવતા એક મહાનુભાવ, પ્રતિભાવંત સાધક, પ્રાધ્યાપક અને આચાર્ય હતા. કવિવર ટાગોરના શાંતિનિકેતનમાં સંત-સાહિત્ય અને શ્રી રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યના અભ્યાસી હતા અને તેના વર્ગો લેતા. સાધુસંતોના જીવનના અભ્યાસ માટે હિંદુસ્તાનના મોટા ભાગનો ધર્મપ્રવાસ તેઓએ ખેડયો હતો. તેમના તે અનુભવોમાંથી એક અનુભવબિંદુ અહીં રજૂ થાય છે. આ વર્ષે બંગાળમાં એમની જન્મશતાબ્દી ઉજવાઈ રહી છે. —તંત્રી ]

સને ૧૯૦૦ ની સાલનો માઘ માસ અલ્હાબાદમાં અર્થાત્ પ્રયાગતીર્થમાં સાધુ અને ભક્તોની ભારે ઠઠ જામી હતી. ગંગા–જમનાના સંગમ આગળ આમ દરમહિને ઘણા પુણ્યાર્થીઓ એકઠા થાય છે. વળી અધૂરામાં પૂરું તે વર્ષે મારા ખ્યાલ પ્રમાણે અર્ધકુંભનો મેળો ભરાયો હતો. એકતો ભારે ગીરદી વળી શિયાળાની કડકડતી ઠંડી! ગંગા–જમનાના વિશાળ રેતીપટ ઉપર અસંખ્ય યાત્રાળુઓ શરીર પર એકાદ ઓઢવાનું ઓઢી આ કડકડતી ઠંડી સહેતાં સૂતાં



હતાં, ત્યાં એક દિવસ મોટા કરા પડી ગયા લોકોના દુઃખનો પાર ન રહ્યો.

હું ત્યારે નાનો હતો, પણ સાધુસંન્યાસીને મળવાની તાલાવેલીથી આવા દુર્દિને પણ રખડતો હતો. કરા કંઈ જેવાતેવા નહોતા પડયા. વળી પાછા એકવાર ફરી પડયા. કોઈ સાહેબના તબેલામાં આશરો મળવાથી બચી ગયા. પાછળથી સાંભળ્યું કે કરા પડવાથી અહીંતહીં ઘણા માણસો મરી ગયા હતા!

મારી સાથે મારા એક બંગાળી મિત્ર હતા અને એક હિન્દુસ્તાની ટાંગાવાળો હતો. ટાંગાવાળાનું નામ અયોધ્યા. એની સાથે અમારી ઓળખાણ કેવી રીતે થઈ એ જાણવા જેવું છે.

આ પહેલાં ત્રણ વરસ અગાઉ અમે ત્રણ મિત્રો કાશીની નાગોયાર સડકે રામનગરના ઘાટ પર ફરતા હતા. ત્યારે હિંદુ વિશ્વવિદ્યાલય થયું નહોતું. સાંજનો સમય હતો અમે વાતો ને હાસ્ય વિનોદ કરતા ચાલ્યા જતા હતા. અમારી વાંસે વાંસે આ અયોધ્યા પણ રામનગર ઘાટેથી પાછો ફરતો હતો. અમારો હાસ્ય વિનોદ સાંભળી અમારી વાતચીત સાંભળવાને લોભે તે અમારી સાથે થવા માંગતો હતો, પણ ટાંગામાં બેઠા બેઠા તે અમારો હાસ્યવિનોદ બરોબર સાંભળી શકતો ન હતો. એટલે થોડીવાર પછી એણે કહ્યું : 'મારા ટાંગામાં બેસી જાઓને......'

અમે કહ્યું : બાપુ, પૈસા કયાં છે તે તારા ટાંગામાં બેસીએ?

તે કહે : હું પૈસાનું કયાં કહું છું? ફક્ત મને થોડી તમારી વાતચીત સાંભળવામાં ભાગીદાર કરો તોય બસ છે."

એની વાતથી જરા નવાઈ લાગી 'એક ટાંગાવાળો આ શું કહે છે! તોય વાત ટાળવા મે કહ્યું', બાપુ અમે થોડી

કસરત કરવા નીકળ્યા છીએ.'

તે હસતો હસતો કહે "મારા ટાંગામાં બેસી તો જુઓ આ ટાંગામાં બેસવું એય કંઈ ઓછી કસરત નથી કસરત ન મળે તો તમતમારે ઊતરી જજો.'

એમેં કયા કુછ કમ મેહનત હૈ ।
મેહનત કમ હોઈ તો ઉતર જાહે ॥

દુહો સાંભળીને એની વાત માનવી પડી. ટાંગામાં બેસી તેના સ-રસ હૃદયનો પરિચય મળ્યો. પાછળથી પણ એણે પૈસા કેમેય ન લીધા. પણ ત્યારથી મારી કોલેજના જવા આવવાને રસ્તે તે અમને ટાંગામાં બેસાડતો. એમ કરતાં તે અમારો નિકટનો સ્વજન બની ગયો. પાછળથી જાણ્યું કે સાધુ સંન્યાસીના સંગની તેનેય ભારે ઘેલછા લાગેલી તેથી વળી મારી સાથેનો તેનો સંબંધ વધારે ગાઢો થયો. અલ્હાબાદમાં જ એનું બાપીકું ઘર હતું. આ મહિનાના મેળા પર એ પણ પોતાને ઘેર આવ્યો હતો. ઓચિતો જ અલ્હાબાદમાં એનો ભેટો થવાથી બહુ આનંદ થયો માઘમેળામાં સાધુની શોધમાં તે પણ અમારો સાથી બન્યો.

એક દિવસ હું મેળામાં ઘૂમતો હતો સાધુ સંન્યાસીનો આરોવારો નહોતો. એવામાં એકાએક ક્યાંક ભયંકર મારામારી થયાના ખબર સાંભળ્યા. એ મારામારી સાધુઓ વચ્ચે થયેલી. વાત વિચિત્ર લાગે ખરી, પણ છે તદ્દન સાચી.

કુંભમેળામાં અનેક સંપ્રદાયના સાધુઓ આવી અડ્ડા નાખે છે. દરેક સંપ્રદાય પોતાનો ધ્વજ કે ઝંડો રોપે છે; અને તેની આસપાસ જમાતના અડ્ડાની હદ બાંધી લે છે.

એક ઠેકાણે ખુબ સુંદર જગ્યા જોઈને બે જમાતોએ પડખેપડખે થોડે છેડે પોતપોતાના ઝંડા રોપ્યા. સંભવિત છે કે બંનેએ એમ માન્યું હોય કે પોતપોતાના ઝંડા આસપાસ



તેમની જમાતના માણસો અને ભકતો માટે પૂરતી જગ્યા રહેશે. પણ ફરતી હદ બાંધવા જતાં માલૂમ પડયું કે એક ઠેકાણે એકની હદ બીજાના અડ્ડામાં પ્રવેશી જતી હતી! પેલો બીજાને કહેઃ "તું તારી હદ જરા આવી બાંધ, તારો ઝંડો થોડો હઠાવ."

બીજો એને કહે; "તું જ હઠાવને. ત્યારે અંતે એમાંથી ભારે ઝગડો થયો. કેટલાક સાધુઓના ખૂન થઇ ગયાં. તેમ છતાં, કોઇ પોતાની જિદ મૂકવા તૈયાર નહોતું.

અમે ત્યાં ગયા ત્યારે મુડદાં ખસેડી લેવાયાં હતાં. એક અંગ્રેજ અમલદાર તપાસ કરતો હતો, તે બંને જમાતને ધિક્કારીને બોલતો હતો. સંસારીઓ જમીન માટે મારામારી કરે તે સમજી શકાય તેવું છે. તેઓ તો વંશ પરંપરાથી તે ભોગવતા આવે છે, પણ તમે તો સાધુ છોને! મેળો પૂરો થશે કે સૌ સૌને રસ્તે ચાલ્યા જશો. વળી થોડાક હાથ જમીન માટે આવી ખૂના મરકી? સાધુ થઈને મનુષ્યના ખૂન જેવું ગોઝારું કૃત્ય કરતાં તમને આંચકો પણ ન આવ્યો!'

મને પણ કંઇનું કંઈ થઈ ગયું. ત્યારે હું બાળક હતો. સંસારનો જરાય અનુભવ નહોતો. જરાકમાં જ મન ખુશી થઇ જતું, તેમ જરાકમાં જ ઓછું આવી જતું. ચારેકોર ફરતા ફરતા જમાતના અડ્ડાઓ અને મોટા મોટા સંપ્રદાયોના મહંતોને જોતો હતો. શું એમની જાહોજલાલી! સોનાના ઝંડા, ઘોડા, હાથી, લાવલશ્કર અને પાર વિનાનો વૈભવ જોયો. મોટા મોટા શેઠો આવીને જોઈએ તેટલાં ઘી, ખાંડ, લોટ વગેરે પૂરા પાડે છે. સેંકડો ને હજારો સાધુઓ એકઠા થયા છે. પણ રે રે! બધું જ રાજસિક! અહીં અસલ સાચા સાધુ ક્યાંય ન હોતા. કદાચ થોડા હશે તો તેઓ આ હો હાથી ક્યાંક દૂર શાંતિથી બેઠા હશે. તેઓ ક્યાં મળે?

એવામાં એક જણે ખબર આપ્યા કે અહીંથી લગભગ પાંચ છ ગાઉ દૂર એક સારા સાધુ છે. અયોધ્યા કહે એ જગ્યા હું જાણું છું. અહીંયા પાંચ છ ગાઉ દૂર મારા એક સગાનું ગામ બરોબર તેની પાસે જ છે. હુંય સાધુના દર્શન કરવા આવીશ. ટાંગો પણ સાથે લઈ લઈશ તેથી તમને પણ સગવડ રહેશે.

અયોધ્યાની સાથે એકલો હું જ જવાનો હતો. શિયાળાનો સમય હતો. વહેલા વહેલા ખાઈને જ્યાં ટાંગામાં બેસવા જાઉં છું ત્યાં મારો એક મિત્ર કોલેજથી આવીને ઊભો રહ્યો. એ કહે "મારેય આવવું છે." તેણે કોટપાટલૂન પહેરેલાં. ઘર દૂર હતું એટલે મિત્ર તો કોટ પાટલૂનમાં જ આવવા તૈયાર થયો. ત્યાં જ તેણે થોડું ખાઈ લીધું. રવાના થતાં લગભગ અગિયાર બાર વાગી ગયા. જ્યારે અમે પાંચ કોશ દૂર આવેલા અયોધ્યાના સગાને ત્યાં પહોંચ્યા ત્યારે મોડું થઈ ગયું હતું. ત્યાંથી અમારે પગપાળા જવાનું હતું કારણકે આગળ ટાંગો ચાલે તેમ નહોતું.

અયોધ્યાએ અમને કહ્યું "આ માર્ગે આપણે એકાદ કોશ જવું પડશે. તમે રવાના થાઓ ત્યાં હું ઘોડાની વ્યવસ્થા કરીને આવું છું. અંધારું થતાં પહેલાં તમારે ત્યાં પહોંચી જવું જોઈએ."

અયોધ્યાને પાછળ મૂકીને અમે ચાલ્યા તો ખરા પણ રસ્તો કેમેય ખૂટે નહિ! રાત પડવા આવી હતી. રસ્તે ક્યાંય માણસનું નામ નિશાન ન મળે. પૂછવુંય કોને? એવામાં એક નાની નદી કે નહેર આવી. પટ બહુ પહોળો નહોતો પણ પાણી કેટલું ઊંડું છે. તે કળી શકાતું નહોતું. હોડી નહોતી. નદી ઓળંગવી કેમ? શિયાળાની રાત ને માણસ તો ક્યાંય નજરે પડતું નહોતું.



એવામાં આ રસ્તેથી એક ગામડિયા જેવો માણસ નીકળ્યો. અમે તેને અમારે જ્યાં જવું હતું તે સ્થળનું નામ કહ્યું એટલે તેણે કહ્યું હું પણ ત્યાં જ જાઉં છું. નદી કે નહેરના ઉંડાણ વિષે પૂછતાં તેણે કહ્યું "બહુ ઊંડું નથી. ગોઠણથી જરાક વધારે હશે તમે મારી પાછળ ચાલ્યા આવો." મેં તો જોડા કાઢી ધોતીયાનો કાછડો વાળ્યો. પણ મારો પાટલૂન પહેરેલો મિત્ર તો લાચાર થઈ ગયો. તેણે પેલા માણસને કહ્યું, "ભાઈ મને સામે કાંઠે લઈ જઈશ? તને બક્ષીસ આપીશ." પેલા માણસે તેને પોતાની પીઠ પર બેસાડી દીધો ને ચાલ્યો. હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. રસ્તે તેણે પૂછ્યું 'તમારે કોની પાસે જવું છે?' અમે ભાગવત બાવાજી નામ આપ્યું એટલે તેણે કહ્યું "વારુ."

નદી ઓળંગ્યા પછી મારા મિત્રે પેલા માણસને બક્ષીસ દેવા માંડી પણ તેણે લીધી નહિ. તેણે કહ્યું: "તમે અમારા દેશમાં આવવા નીકળ્યા છો એટલે તમે અમારા અતિથિ કહેવાઓ, અતિથિ પાસેથી બક્ષીસ કેમ લેવાય?" ત્યાર પછી તેણે કહ્યું "હું તો સીધો ગામડાનો રસ્તે જઈશ એ રસ્તો કાદવકીચડવાળો છે. તમે સડક પર થઈને થોડા ફેરમાં આવો. થોડેક જશો એટલે આશ્રમે પહોંચી જશો.

અર્ધોક માઈલ ગયા ત્યાં રસ્તાની પર એક ઠેકાણે સાધુના અડ્ડા જેવું દેખાયું. પૂછતાં માલુમ પડ્યું કે એ જ હતો બાવાજીનો આશ્રમ. બાવાજી અંદર હતા અને સાયંકર્મ કરીને બહાર આવવાના હતા. ત્યાં સુધી આશ્રમના માણસો અમારું સ્વાગત કરવા લાગી ગયા.

હાથપગ ધોઈને બેઠા કે તેઓ ગરમ દૂધ અને થોડો નાસ્તો લાવ્યા. ખાઈ રહ્યા ત્યાં અયોધ્યા આવી પહોંચ્યો. બાવાજીની જગ્યામાં થોડાક ભક્તો પણ જોવા મળ્યા. તેમની

સાથે વાતચીતથી બહુ સારું લાગ્યું, નવાઈની વાત છે કે બે ત્રણ મોટા પંડિતો પણ હતા. તેમની સાથે વાતચીત કરતાં માલુમ પડયું કે તેઓ ખરેખરા પંડિતો હતા, પરંતુ બાવાજી તો અભણ હતા. તો પછી આ પંડિતો અહીં શું કરતા હશે!

તેમની પાસેથી જાણ્યું કે તેઓ ત્યાં રહીને બાવાજી પાસેથી ભકિતશાસ્ત્ર ભણતા હતા. શાસ્ત્રમાં જ્યાં જ્યાં નહોતું સમજાતું તે બધું બાવાજી સમજાવી દેતા. પંડિતોએ કહ્યું "ટીકા, ભાષા વગેરેથી જે બધા ગહન સત્વો અમે સમજતા નહોતા તે બાવાજીએ એમની સહજ વાણીથી સમજાવી દીધાં."

એક પંડિત કેટલાક વરસોથી અહીં રહેલા હતા. પગાર બગાર કંઈ મળતો નહોતો તો પછી કયા લોભે તેઓ અહીં રહેતા હશે? શ્રદ્ધા અને સાધનાના અનુરાગે જ તેમને અહીં બાંધી રાખ્યા હતા. વાતચીત ઉપરથી જાણ્યું કે તેઓ અહીં આવવાથી ધન્ય ધન્ય થઈ ગયા હતા. તેમણે મને કહ્યું કે એક યુગના સાધકો બીજા યુગના સાધકો માટે જે મર્મવાણી રાખી ગયા છે તેનું જ નામ શાસ્ત્ર. આપણે પંડિતો ફક્ત એ વાણીનો ભાર વહીએ છીએ, પરંતુ તેનું રહસ્ય કંઇ જ સમજતા નથી. ખરો મર્મ તો ભક્તો જ જાણે છે. ને તે યુગના ભકતો તેમને માટે જ બધી વાણી રાખતા ગયા છે. આપણે જાણે પરબીડિયામાં રાખેલા પ્રેમપત્રનો ભાર વહેનારા છીએ. પત્રમાં લખેલી પ્રેમની વાણી આપણે શું સમજવાના હતા! આપણે તો તે પત્ર ખોલવાના પણ અધિકારી નથી. આપણે તો ફકત જેને માટે તે પત્ર લખાયો છે, તેને પહોંચાડી દઈએ છીએ. તેઓ કૃપા કરીને કંઇ કહે એટલું જ આપણે જાણીએ છીએ."

અમારા આ ભાગવત બાવાજી નિરક્ષર હોવા છતાં તે જ ખરા અધિકારી પ્રેમિક છે. યુગયુગાંતરના પ્રેમપત્રો તેમની પાસે આવે છે, તેઓ જોતાંની સાથે જ તેનો મર્મ સમજી



જાય છે. ત્યારે અમે કંઈ જ નથી સમજતા. આજ સુધી અમે જાણતા નહોતા કે અમે કંઇ જ નથી. માત્ર ટીકા ભાષ્ય અને શબ્દોના અર્થવડે જ સંતુષ્ટ હતા. પરંતુ અંદરનું રહસ્ય એ કરતાં ય વધારે ઉંડું છે એ ધીરે ધીરે હવે સમજાય છે. અત્યાર સુધી નિરર્થક ઉપલક શબ્દાર્થ અને તર્કને જ, સાર માની બેઠા હતા. તેથી વિશેષ કંઈ છે એનો ખ્યાલ પણ નહોતો. એટલે એમાં જ ખુશી હતા.

એવામાં સાયંકર્મ પતાવી બાવાજી પધાર્યા. અમે બધા ઊભા થઈ ગયા. પરંતુ આ શું? આ તો એજ પેલો ગામડિયો માણસ કે જેની પીઠ પર ચડી અમે નદી ઓળંગી હતી અને જેને બક્ષીસ આપવાની વાત કરી હતી. આ બાવાજી તે પોતે જ.

શરમના માર્યા ધરતી માર્ગ આપે તો એમાં સમાઇ જવાનું મન થયું. કેવી અદ્‌ભુત ઘટના! અયોધ્યાએ કબીરની વાણી ઉચ્ચારી અમને ચકિત કરી દીધા હતા પણ તેય આની આગળ કંઈ નહીં.

મારા મિત્રનું નીચું ઢળેલું માથું સ્નેહ ભર્યા હાથે ઊંચું કરી બાવાજી બોલ્યા;

'કેમ ભાઈ આટલો બધો શરમાઈ ગયો? મેં કહ્યું, 'તમારી પીઠ પર ચડી નદી ઓળંગવા કરતાં વધારે શરમજનક બીજું શું હોઇ શકે? તેઓ બોલ્યા, એમાં શું થઈ ગયું! આપણા સૌના જે ભગવાન છે તે તો બધા જીવોને રીતસર ખોળામાં કે ખભે લઇને ભવસિંધુ પાર ઉતારે છે. હું તો તેનો દાસાનુદાસ છું, મેં ફકત એક જણને નદી ઓળંગાવી એમાં તમારે શરમાવા જેવું શું છે?

એમાં કંઈ ગેરવાજબી કે અસંગત નથી.

પરંતુ અમે તે બેઠકમાં માથું નીચું રાખીને જ બેસી રહ્યા.

# શ્રેયયાત્રા

**દૃષ્ટિદીક્ષા, સાધનાનું અંતિમ લક્ષ્ય, ત્યાગ અને સર્વસમર્પણ**

ભાઈલાલભાઈ છાટબાર

દિવ્ય જીવનની પગદંડીએ દોરીને લઈ જનાર મોંઘેરું નવપ્રભાત ધીરે ધીરે ઊઘડી રહ્યું છે. મનહૃદયના આકાશી વિસ્તારની તુલનામાં, ઊંચે આંખ સામે દેખાતા આકાશનો વિસ્તાર અતિ અલ્પ લાગે છે.

મુક્તિપથના પાવન માર્ગે શુભ પ્રસ્થાન માટે આંગળી પકડીને દોરી લઈ જનાર મહાત્માજી સાથેના આજના મહામિલનનું મંગળ મુહૂર્ત આવ્યું છે. પરમ મુહૂર્ત આવે છે ત્યારે આકાશમાં આનંદભેરી બજી રહ્યાની અનુભૂતિ થાય છે–તેનો પ્રતિધ્વનિ હૃદયમાં ગાજી ઊઠે છે.

સવારે એક કલાક વહેલાં–આઠ વાગ્યે પહોંચીને પ્રણામ કરીને બેઠો.

મહાત્માજી ગાદી ઉપર તકિયાને અઢેલીને બેઠા છે. બેઠકખંડમાં અન્ય કોઈ નથી. મહાત્માજીની આંખમાંથી રેલાતાં અમી ઊર્ધ્વલોકની યાત્રા માટેનું પ્રેરક બળ છે. તેઓશ્રીના સાન્નિધ્યમાં જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર પ્રકાશી રહ્યો છે. વ્યાપકશાન્તિ અને અસીમ આનંદ શ્રદ્ધાનાં પ્રેરક પરિબળો છે.

મહાત્માજી મને બાજુના અલગ ખંડમાં લઈ ગયા અને બારણું વાસી દઈ મને એક આસન ઉપર સન્મુખ બેસાડ્યો. સામેના આસન ઉપર પોતે બેઠા

મને પદ્માસનમાં બેસાડી ષણ્મુખી મુદ્રાની વિધિવત્ માહિતી આપી, ધ્યાનસાધનામાં તેનું મહત્ત્વ સમજાવ્યું.



ષણ્મુખી મુદ્રા સહજ સાધ્ય થતાં, તેમાં યોગ્ય સમય સુધી બેસાડીને તેઓશ્રીએ મને ધ્યાનમાં સ્થિત કર્યો.

ધ્યાનસ્થ અવસ્થામાં સુસ્થિર થઈને બેઠેલ એવા મારી સામે દૃષ્ટિ રાખીને બેઠેલ મહાત્માજી મારી સામે જોતા જોતા —અવલોકન કરતા બેઠા હતા.

પ્રસન્નતાનો પ્રવાહ મારી આસપાસ ચોતરફ વિંટળાઇ વળેલો રહ્યો. પરમશક્તિ, મહાત્માજી, ભાગવત જીવન વિશે મંગળ વિચારો મનમાં ઊઠવા લાગ્યા. અન્ય સંકલ્પ–વિકલ્પ દૂર થઈ ગયા. ચિત્તતંત્ર શાન્ત બનતું ગયું અને મન ધીરે ધીરે ધ્યાનમાં ડૂબી ગયું. સમયભાન ચાલ્યું ગયું અને સ્થળ–સંયોગનું અનુસંધાન લુપ્ત થઈ ગયું... ... ...

'હરિ ૐ' ના ઉચ્ચારણ સાથે મહાત્માજીએ સમય પૂરો કર્યો એટલે મેં આંખ ઉઘાડી.

પ. પૂ. મહાત્માજીના ચહેરાની આભા કદી ન વિસરાય તેવી અપૂર્વ હતી. તેઓશ્રીમાં અસીમ ઐશ્વર્ય અને સંપૂર્ણ પ્રજ્ઞાનો સંમિશ્રણભાવ તથા મહાકરુણા અને નિરવધિ પ્રેમનું અભૂતપૂર્વ મિલન ત્યારે જોવા મળ્યું...જાણે તેઓશ્રી મૂર્તિમન્ત વિશ્વગુરુ હતા.

તેઓશ્રીએ મને ધ્યાનમાં થયેલ અનુભવ વિશે પૂછ્યું.

મેં ધ્યાનાવસ્થામાં અનુભવેલી હકીકત જણાવી.

મહાત્માજીએ કહ્યું—હવે આ પ્રમાણે રોજ ધ્યાનમાં બેસવાનું છે. સવારે એક કલાક અને સાંજે ઓછામાં ઓછું અર્ધો કલાક બેસવાનું રાખવું.

કેવળ બૌદ્ધિક જ્ઞાન મનની શાન્તિ માટે કામ આપતું નથી. પરાત્પર શક્તિનો અનુભવ કરવા માટે બૌદ્ધિક જ્ઞાનથી પર જવાનું રહે છે. અંતરના અંતરતમમાં ડૂબકી મારવી એટલે ધ્યાન. ચિંતનપ્રધાન બુદ્ધિમાંથી બહાર નીકળીને અનુ-

ભુતિના પ્રદેશમાં દાખલ થવામાં ધ્યાન મદદ કરે છે.

મન સુસ્થિર અને સુસૂક્ષ્મ બની જતાં તે આત્મિક ચેતનાનું અનુસંધાન સાધી શકે છે. બુદ્ધિનું તત્ત્વ એકદમ સુસૂક્ષ્મ, પવિત્ર તેમ જ નિર્મળ બની જાય ત્યારે આત્મતત્ત્વ અનુભવાય છે.

આત્મિક ક્ષુધાનું શમન કરવા માટે ધ્યાનસાધનાનું આલંબન એક ઉત્તમ માર્ગ છે.

આજે તમને થઈ તેવી નાદ–અનુભૂતિ ધ્યાનસાધનાના આરંભમાં થાય છે. વિકાસ થતાં ક્રમે ક્રમે સંકલ્પ–સિદ્ધિ સાંપડે છે. સિદ્ધપુરુષોનાં દર્શન અને સહાય પ્રાપ્ત થાય છે તથા પૂર્વજન્મનું જ્ઞાન વગેરે પ્રાપ્તિઓ થાય છે. પરન્તુ સાધનાનું ગન્તવ્ય–સ્થાન આ પ્રાપ્તિઓ નથી.

'સ્વ' ની ખોજ સ્વ-સ્વરૂપમાં પ્રતિષ્ઠા એ સાધનાનું લક્ષ્ય છે. સાધના દ્વારા જીવત્વમાંથી શિવત્વમાં પ્રવેશ પામવાનું છે.

'સ્વ' સ્વરૂપની ઓળખ, તેની પ્રાપ્તિ અને 'સ્વ'-માં સ્થિત થવું એટલે પળે પળે પરમાત્મસત્તાનો અનુભવ કરવો એ સાધનાનું લક્ષ્ય અને ધ્યેય છે.........

...હવે આજથી અન્ય કોઈ વિશિષ્ટ પ્રકારે સાધના-જીવનની મારી યાત્રા શરૂ થઈ હતી. ચીલા–ચાલુ, કાંટાળા માર્ગ પર પડતા–આખડતા ચાલવાનું બંધ થયું. સાધના–પથની એકવાર પ્રતીતિ થઈ જાય પછી તેના ઉપર ચાલવાનું સુગમ બની રહે છે.

અરૂપ પરમતત્ત્વના આકારસ્વરૂપ મંગળમૂર્તિ મહાત્માજી મારા પથપ્રદર્શક અને આશ્રયદાતા બનીને મારી સમક્ષ ખડા હતા. તેઓશ્રીએ 'પરમ' નો માર્ગ બતાવ્યો હતો. તેઓશ્રીની કૃપાના કિરણે મારું રૂપાંતર કરી દીધું હતું. પરમ



તત્ત્વ સાથેના તૂટી ગયેલ મારા મનના તારને તેઓશ્રીએ સાંધી આપ્યો હતો.

આ પારસ સ્પર્શનો અનુભવ હતો. મહાત્માજીની છત્ર-છાયામાં પરમાત્માની છત્રછાયાની અનુભૂતિ હતી.

જન્મજન્માંતરની આ ચિરયાત્રામાં મનુષ્ય માટે બે ઘડી વિશ્રાન્તિનું કોઈ સ્થળ હોય અને સદૈવે શાન્તિથી ઠરી ઠામ થઈ ને બેસવાનું કોઈ ઠેકાણું હોય તો તે સદ્ગુરુનો સંગ છે. સદ્ગુરુનો સંગ કરનાર મનુષ્ય પોતાના જીવનમાં શાન્તિ મેળવી ધ્રુવપદને પામે છે, એ નિર્વિવાદ વાત છે.

આંતર્વૈભવને સુંદર અને સમૃદ્ધ બનાવવાની અને સાથો-સાથ બીજાઓના આંતર્વૈભવનાં દર્શન કરવાની શક્તિ પ્રાપ્ત કરવાની સાધનાનો આજથી પ્રારંભ થઈ ચૂક્યો હતો.

સર્વસમર્પણભાવે મેં મહાત્માજીને પ્રણામ કર્યા. ઘડિયાળ-નો કાંટો સવારના નવથી આગળ ચાલી રહ્યો હતો.

આજ સવાર પૂરતા મારા માટે બનેલ આ 'ધ્યાનખંડ'-માંથી મહાત્માજી મને બહાર લઈ આવ્યા અને તેઓશ્રી સાથે હું બેઠકખંડમાં દાખલ થયો.

આમ દૃષ્ટિદીક્ષાના સર્વોત્તમ સદ્ભાગ્યની ધન્ય પળો પસાર થઈ ગઈ.

દીક્ષાઓના અનેક પ્રકાર છેઃ તેમાં મુખ્યત્વે મંત્રદીક્ષા, સ્પર્શદીક્ષા અને દૃષ્ટિદીક્ષાનો સમાવેશ થાય છે. આમ મારે મન હું દીક્ષિત થઈ ચૂક્યો હતો. મારી સમગ્ર ચેતના–મારું સમગ્ર અસ્તિત્વ મહાત્માજીનો સ્વીકાર કરી ચૂક્યું હતું.

નિત્યવસંત બંસી બજી રહી હોય તેવો પ્રદેશ હરેક મનુષ્ય માટે આખરી મુકામ તરીકે નિર્ધારિત છે જ. હરેક મનુષ્ય વહેલો મોડો એ આનંદધામમાં પ્રવેશ કર્યા વિના રહેતો નથી કેમકે એ એનું અસલી ઘર છે. મૂળ વતન છે.

આનંદધામના આ મુકામના દ્વાર આજથી મારે માટે ખુલી ગયાં હતાં.

બેઠકખંડમાં ૯-૩૦ વાગ્યા પછી બે મુલાકાતી આવ્યા. તેઓ પ્રણામ કરીને બેઠા. થોડી પ્રાથમિક વાતચીત બાદ સંવાદ ચાલ્યો.

પ્રશ્ન—ત્યાગને સાદી રીતે સમજાવવા કૃપા કરો.

મહાત્માજી—દુર્ગુણો, દુર્ભાવો અને દુષ્કર્મોનો ત્યાગ એ સાચો ત્યાગ છે. સાચો ત્યાગી સંયતેન્દ્રિય હોય છે. તેની દષ્ટિ અને વૃત્તિ વિશુદ્ધ હોય છે. સંયમ અને વિવેકપૂર્વકનો ત્યાગ મનુષ્યને સાચી શાન્તિ તરફ લઈ જાય છે. કપડાં, નામ અને ગામ બદલવાથી લાભ નથી થતો. મનને અને સ્વભાવને બદલવાની જરૂર છે મનને પરમાત્મામાં જોડવાનું છે.

પ્રશ્ન—સર્વસમર્પણનો ભાવાર્થ કૃપા કરી સમજાવો.

મહાત્માજી—ગીતાજીના અંતે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે જીવનનું પરમ કલ્યાણ સાધવા માટે શરીરનું સમર્પણ, મનનું સમર્પણ, હૃદયનું સમર્પણ અને સર્વ સંપત્તિ, સર્વ સમય અને એકે એક શ્વાસ મને સમર્પણ કરી દે. જીવન મેં જ તને આપ્યું છે; તે તું મને અર્પણ કરી દે. ' मामू एकं शरणं व्रज 'માં સમર્પણભાવ સાથે 'એક' શબ્દ ઉપર ઘણું વજન છે.

આવા સંવાદ સમયે અને ત્યારબાદ કોઈ કોઈ વાર મહાત્માજી રમુજ–વિનોદ કરતા હોય છે; અન્ય કોઈ હાસ્ય–વિનોદ કરે તો તે પ્રેમપૂર્વક ઝીલતા હોય છે. વિનોદની આ ક્ષણો સાત્વિક આનંદથી ઊભરાતી અતિ પ્રસન્નતા બક્ષનારી ચિરંજીવ ક્ષણો હોય છે.

સત્યના રાજમહાલયના નિવાસી સત્યનિષ્ઠ પુરુષની આનંદયાત્રા કેવા પ્રકારની હોઈ શકે તેની આ વખતે પ્રતીતિ



થાય છે. નિર્મિત અને નિશ્ચિત મૃત્યુશય્યા તરફની શોકકૂચમાં ઘસડાતા–કુટાતા અને ભાંગી પડેલ લોકોને આ આનંદયાત્રા બેઠા કરે છે અને તેઓમાં નવા પ્રાણ પૂરે છે.

સવારની બેઠકનો સમય પૂરો થતાં સૌએ પ્રણામ કરીને રજા લીધી.

-ક્રમશઃ-

## નવા આજીવન સભ્યો

ઈશ્વરકૃપાથી અધ્યાત્મના આજીવન સભ્યોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. નવા નોંધાયેલા આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧૫૮ શ્રી અશોકકુમાર ભીખાભાઈ પટેલ આણંદ | રૂા. ૨૫૧ |
| ૧૫૯ શ્રી તારાબેન દેસાઈ અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૬૦ શ્રી જ્યોતિબેન જે. શાહ મુંબઈ | રૂા. ૨૫૧ |
| ૧૬૧ ડૉ સી. કે. શાહ અમદાવાદ | રૂા. ૨૫૧ |
| ૧૬૨ શ્રી. બાબુભાઈ જેઠાલાલ શાહ મુંબઈ | રૂા. ૨૫૧ |
| ૧૬૩ શ્રી. ગિરીશચંદ્ર જેઠાલાલ શાહ મુંબઇ | રૂા. ૨૫૧ |

## તમારો પ્રેમ

પ્રેમ તમારો અભિનવ લાગે પ્રતિદિન મને ચિરંતન
જ્યારે જોઉં ત્યારે નૂતન, એનું એ આકર્ષણ;
એનો એ રસ એ પ્રસન્નતા; સ્મરણ તમારું સુખમય.
પુષ્પોથી વધુ પરિમલપ્લાવિત, નિર્ઝરથી વધુ નિર્મળ
મધુક મધુ થકી, મનન તમારું નિદિધ્યાસન અમૃતમય.
દેશકાળથી અતીત શાશ્વત સ્વરૂપ શ્રેષ્ઠ કૃપામય

ક્ષણેક્ષણે પાવન
મુનિમનભાવન

પ્રેમ તમારો પ્રતિપદ પ્રતિસ્થળ મળે પરમજ્યોતિર્ધર
પ્રેમ તમારો અભિનવ લાગે સદા સર્વસંકટહર.

શ્રીયોગેશ્વરજી

પળેપળે નૂતન
ક્ષણેક્ષણે સુંદર



## પ્રાર્થના

મને સાથે રાખો ( ૨ )
શ્યામ સુંદર ભગવાન
સદા મને શાંતિ આપો.
પ્રભુદ્વારે સદાકાળ પહેરો ભરું,
નિત્ય સેવક બનીને સેવા કરું;
દિવ્યદર્શન પામી ધન્ય બનું...મને.

પ્રેમપૂજાનું પાવન પુષ્પ બનું,
પ્રભુચરણોની નિર્મળ ધૂલિ બનું,
મારા દેવોના દેવ એક તમને ગણું...મને

મને પળપણ છૂટી કરશો નહીં,
સરિતાને સમાવજો સાગર મહીં.
એવી અંતરતમથી અરજી ધરું...મને.

—સર્વેશ્વરી

# પરદેશમાં પંદરમી ઓગસ્ટ

—સર્વેશ્વરી

તા. ૮–૮–૮૧ થી વિદેશની યાત્રાના શ્રીગણેશ મંડાયા. પરમાત્માની મંગલમયી યોજના અને ઇચ્છા મુજબ મુંબઈથી ૭૫૮૩ કિલોમીટર દૂર લંડનની ધરતી ઉપર આવી પહોંચ્યા. લંડન થી ૧૦૦ માઇલ દૂર રગ્બી નામનું શહેર આવેલું છે. ત્યાંથી અમને લેવા આવનાર ભાઈઓએ અમારું એરપોર્ટ ઉપર જ ફૂલહાર અર્પણ કરી નીચા નમી પ્રણામ કરી સ્વાગત કર્યું.

પૂ. શ્રી નાં પ્રવચનોની તારીખ તેઓએ અમે અહીં આવીએ તે પહેલાં જાહેર પણ કરી દીધી હતી. એ જાહેરાતથી એ સૌની અનન્ય શ્રદ્ધાભક્તિ અને ધર્મભાવના કેવી છે તેનો ખ્યાલ આવી ગયો.

તા ૯-૮-૮૧ થી પૂ. શ્રી ના પ્રવચનો ગીતાના ભક્તિયોગ ઉપર શરૂ થયાં. શ્રીકલ્યાણપ્રાર્થનામંદિરમાં જ અમારો ઉતારો અને પ્રવચન પણ એ મંદિરના હોલમાં જ ગોઠવાયાં.

રગ્બી શહેરમાં ત્રણસો જેટલા ગુજરાતી કુટુમ્બો વસે છે. જનતા ભાવિક. ને ધર્મપ્રિય છે. પંદરમી ઓગસ્ટે રગ્બીમાં પ્રવચનની પૂર્ણાહુતિ હતી.

પૂ. શ્રી યોગેશ્વરજીનો આજે જન્મદિન હતો. એ આખાયે દિવસની નોંધ આ લેખમાં રજુ કરું છું.

પૂ. શ્રી યોગેશ્વરજીનો જન્મદિન, ભારતનો સ્વાતંત્ર્યદિન, રક્ષાબંધનનો પવિત્ર દિન આમ આજે ત્રણ મહાપર્વોનો ત્રિવેણી સંગમ થયો છે.

પૂ. શ્રી એ સમયસર સ્નાન કરી લીધું. સ્નાન પછી નિય-



મિત વ્યાયામ કર્યો. ગીતાપાઠ કરી લીધો. મંત્રજપની ૧૦૦ માળાનો નિયમ પણ પૂરો થઈ ગયો અને સવારે ૮ થી ૯ રામાયણનું લેખન શરૂ થયું.

નવ વાગ્યે હરિઃ ૐ બોલીને શ્રીઅંબાલાલભાઈ વગેરે ઓરડાની બહાર ઊભા છે. દ્વાર ખોલતાં જ તેઓ દૂધનું વાસણ મૂકે છે. પૂ. શ્રી ને ચંદનતિલક ફૂલહાર અર્પણ કરી સાષ્ટાંગ પ્રણામ કરે છે. વળી આજે પૂ. શ્રી નો જન્મદિન જેથી મીઠાઈઓ તુલસીપત્ર સાથે પૂ. શ્રી ને અર્પણ કરવામાં આવે છે. પૂ. શ્રી સૌને તે પ્રસાદ વહેંચે છે. વળી આવનાર પૈકી એક બેન પૂ. શ્રી ને રક્ષા બાંધવા ઇચ્છે છે. પણ પૂ. શ્રી તે રક્ષા હાથમાં લઈ ને એક ભાઈ ને બાંધી દે છે. અને કહે છે:

પૂ. શ્રીઃ–આ ધર્મની રક્ષા છે. માનવની રક્ષા તેનો ધર્મ જ કરે છે. આજે અમે આશીર્વાદ આપીએ, આપ સૌ ખૂબખૂબ મંત્રજપ કરી આગળ વધો.

વિદેશની યાત્રાની થોડી મહત્ત્વની વાતો થયા બાદ સૌ વિદાય થાય છે. પૂ. શ્રી ના પવિત્ર જન્મદિન પ્રસંગે અને આજે સત્સંગનો છેલ્લો દિવસ હોઈ, સવારે સૌને દર્શન–પ્રણામનો લાભ મળી શકયો.

પૂ. શ્રી ફરી પોતાના લેખનમાં મગ્ન બની જાય છે. સાડા-અગીયાર વાગ્યે એક પતિપત્ની ને પૂ. શ્રી મંત્રદીક્ષા આપે છે. મંત્રદીક્ષા બાદ તે ભાઈએ મને જણાવ્યું. "મારી ચારપાંચ દિવસથી મંત્રદીક્ષા લેવાની ઇચ્છા હતી. મારે એ અંગે ગુરુજી ( શ્રીયોગેશ્વરજી )ને એકાંતમાં મળવું હતું અને આજે જ મારે મંત્ર લેવાની ભાવના હતી. ગુરુજીએ આ ત્રણે ઇચ્છા મારી પૂરી કરી. અને વિશેષ આનંદ તો એ થયો કે મારા મનની એ વાત ગુરુજી જાણી ગયા ને મને સામે ચાલી

ને કહ્યું "તમે ૧૫ મીએ સાડાઅગીયાર વાગ્યે આવજો." મને આજે ખૂબ આનંદ થાય છે. હવે તો સત્સંગની નાવમાં બેઠા એટલે એ જ પાર ઉતારશે એવી મને શ્રદ્ધા છે."

સાચા હ્રદયની ભાવના અને માગણી વણમાગ્યે પૂ. શ્રી એ પૂરી કરી તે જાણી મને પણ આનંદ થયો.

બપોરે ૧૨ થી ૧૨-૩૦ મુલાકાતનો સમય થોડી પ્રશ્નોત્તરીમાં વીત્યો. ૧૨-૩૦ પછી દરરોજની જેમ ભોજન માટે વુડસ્ટ્રીટના ૪૭ નંબરના ઘરમાં અમારે જવાનું બન્યું. ત્યાં મિષ્ટાન્નનો આગ્રહ છતાં અમે અમારા હાથે ખીચડીનું ભોજન તૈયાર કર્યું.

ભોજન પહેલાં. એ ઘરના પવિત્ર દેવસ્થાનના ઓરડામાં પૂ શ્રી નું ફરીથી વિધિપૂર્વક ફૂલહારથી ચંદનતિલકથી પૂજન કર્યું. જન્મદિનનો કાર્ડ પૂ. શ્રી ને અપર્ણ કર્યો. અને યજમાન પરિવારના એ ભાઈ લાગણીશીલ બની કહેવા લાગ્યા: "અમારા આજે અહોભાગ્ય છે. આજે આપ અમારા ઘરમાં સાક્ષાત્ બિરાજી દર્શન આપો છો." ઘરમાં સૌએ પ્રણામ કર્યા. પૂ. શ્રી સાથે અમે ભોજન બાદ ઉતારા ઉપર મંદિરમાં આવી ગયા.

સાંજે પૂ. શ્રી ફરી એક કલાક લેખનમાં ગાળે છે. આજે આ મંદિરના પ્રેમી ભાઈઓ પૂ. શ્રી ને સાડા પાંચ વાગ્યે મળવા આવે છે. સત્સંગમંડળના મુખ્ય પાંચ ભાઈઓ પૂ. શ્રી ને પ્રણામ કરી સામે બેસે છે. તે ભાઈઓ પૂ. શ્રી યોગેશ્વરજીને કહેવા લાગ્યા: આજના પવિત્ર દિને અમે ગુરુબંધુઓ આપની પાસે આવ્યા છીએ. આપની શું સેવા કરીએ તે કહો, એમ કહી એક મોટું પેકેટ પૂ. શ્રી ને અર્પણ કરે છે.

પૂ. શ્રી:-સેવા કરવી છે. તો બતાવું ?

પહેલી સેવા:-તમે બધા, જે જપ કરો છો તે વધારે ને



વધારે કરો.

બીજી સેવા:-તમે સૌ એક જ જન્મમાં પ્રભુ કૃપાની પ્રાપ્તિ કરો.

ત્રીજી સેવા:-જીવનનો સાચો આનંદ ને સાચી શાંતિ તમે સૌ જીવતાં જ પામી લો, અને

ચોથી સેવા:-સ્થૂળ રીતે આપણે એકમેકથી ગમે તેટલા દૂર હોઇએ પણ મનથી અમારી સાથે રહો. જ્યારે જ્યારે મુશ્કેલી કે મુંઝવણ આવે, ત્યારે ત્યારે ફોટા પાસે બેસો, ફોટામાં હાજર છે એમ માની પ્રાર્થના કરો, મદદ મળશે ને આત્મિક શાંતિ અનુભવશો.

આ બધી સેવા કરો. હવે આ પેકેટમાં શું લાવ્યા છો ? એનું રહસ્ય તમે જ ઉઘાડો. (સર્વેશ્વરીને એ પેકેટ ખોલવાનું સૂચન આવનારભાઇઓ કરે છે.) એ પેકેટ ખોલ્યું તો એમાં ટેપરેકોર્ડર જોવા મળ્યું. પૂ. શ્રી એ એ જોઈને એ ભાઈઓને કહ્યું તમારા પ્રેમભાવની હું કદર કરું છું. પ્રેમભાવ હોય તે જ આવુ આપવા ઈચ્છે ને ! પણ આ ભેટ હવે તમે પ્રસાદીરૂપ રાખો.

આવનાર ભાઇઓએ ખૂબ આગ્રહ કર્યો. પણ પૂ શ્રી એ એ ભેટનો અસ્વીકાર કર્યો, ફક્ત શુભેચ્છાના કાર્ડનો સ્વીકાર કર્યો. મુલાકાતના આજના સમયે પ્રશ્નો પૂછવા જેની ચર્ચા પૂ.શ્રીએ અંગ્રેજી ભાષામાં કરી. ખૂબ વિસ્તારથી ઉત્તર આપ્યો જેનો સારાંશ નીચે મુજબ હતો.

પ્રશ્ન:-ૐ કેમ આ જ રીતે લખાય ?

પૂ.શ્રી (અંગ્રેજીમાં):-તમને કોઇ પૂછે કે તમારા વાળ માથાઉપર જ કેમ ? પગના તળીયા ઉપર કેમ નહીં ?

તમે શાળામાં જતાં જ હશો તો તમે A લખો છો તો તે કેમ એમ જ લખો છો લાંબો ટુંકો કેમ લખતાં નથી ?

એની પાછળ ભાષાના નિયમો હોય છે. ૐ અનાદિકાળથી એ જ રીતે લખાતો આવ્યો છે. ૐ એ ક્રોસનો સૂચક નથી. આપણા સ્વસ્તિક સાથે ક્રોસ મળતો આવે છે. ૐ પાછળ તો अ, उ, म રહેલા છે. સ્થૂળ, કારણ ને સુક્ષ્મશરીર. સત્ત્વ, રજ, તમ ત્રણગુણો અને એની પણ ઉપર જે પરમ સત્તા તે ૐ છે.

પ્રશ્ન:-દેવદેવીઓની આરતિ શા માટે ઉતારવામાં આવે છે?

પૂ.શ્રી:-આપણા ઘરે કોઇ વડીલ, મોટા આવે ત્યારે આપણે પ્રણામ કે નમસ્કાર કરીએ છીએ, વળી આપણે પરદેશ આવીએ કે જઇએ ત્યારે આપણને ફૂલ આપી ચંદન તિલક કરવામાં આવે છે. એ વિધિથી આપણે આપણો પ્રેમભાવ બતાવીએ છીએ. આપણો પ્રેમ વ્યક્ત કરવાનું તે સાધન છે એમ પ્રભુ પ્રત્યે પ્રેમ બતાવવા આપણે આરતી કરીએ છીએ. રતિ એટલે પ્રીતિ, એવો અર્થ થાય છે. પ્રીતિને 'આ' એટલે વાળવી. પ્રીતિને પ્રભુ પ્રત્યે વાળવી તેનું નામ આરતી. સંસારના પદાર્થોમાં થયેલી પ્રીતિને પ્રભુપ્રત્યે વાળવી તે આરતી.

મુલાકાત બાદ હળવો નાસ્તો ને દૂધ લેવાનું બને છે. પછી સમયસર રાત્રે ૮-૦૦ વાગ્યે પ્રવચન શરૂ થાય છે. જેમાં રક્ષાબંધનનું મહત્ત્વ ધર્મના ક્ષેત્રે કેવું છે તેની વાતો કરી.

પ્રવચન બાદ પૂ. શ્રી ને જન્મદિન નિમિત્તે અહીંના પ્રેમી ભાઇઓ એ ખાસ અંજલિ આપતા કહ્યું:- પૂ. શ્રી ગુરુજીને ( યોગેશ્વરજીને ) મા ભગવતી ખૂબ ખૂબ શક્તિ આપે, સ્વાસ્થ્ય આરોગ્યમય બનો. જ્ઞાનામૃતનો લાભ દેશ-વિદેશમાં સૌને એમના તરફથી મળતો રહે; અને આપણે પણ એમના જ્ઞાનામૃતથી જીવનધન્ય કરીએ. વળી વિનંતિ કરીએ કે એમનો પ્રેમભાવ આપણને મળતો રહે ને ફરી ફરી તેઓશ્રી



રગ્બી પધારે એજ પ્રાર્થના છે.

અંજલિ બાદ પ્રેમી ભાઇઓની ઇચ્છાથી સૌએ શ્રી યોગેશ્વરબાવનીથી પૂ. શ્રી ની સ્તુતિનું સમુહમાં ગાન કર્યું. પછી દરરોજની જેમ મેં નાનકડો વાર્તાલાપ આપી ભજનો ગવડાવ્યાં. ફરીથી સૌએ શુભેચ્છાઓ પાઠવી.

આજે પૂ. શ્રી ના જન્મદિને પૂ. શ્રી ની ખાસ આરતી ઉતારવામાં આવી. પછી દરરોજની 'જય જગદીશ હરે' આરતી પણ થઈ. આરતી બાદ સૌએ શ્રદ્ધાભક્તિથી વારાફરતી આવીને પ્રણામ કર્યા. દરરોજની જેમ પ્રવચનની શરૂઆત પહેલા અમારા બન્નેનું ફૂલહારથી સ્વાગત થયું. એજ રીતે પ્રવચન બાદ શ્રદ્ધાળુ ભાઇબહેનોએ ફૂલો અર્પણ કરી અમને વિદાય આપી

વિદાયસંદેશમાં પૂ. શ્રી યોગેશ્વરજીએ કહ્યું:-રગ્બીની જનતા ભાવિક અને સત્સંગપ્રિય છે. જેથી જ્યારે પણ અનુકૂળતા હશે ત્યારે જરૂર તમારા આમંત્રણનો સ્વીકાર કરી આવીશું. પ્રભુપંથે તમે સૌ આગળ વધો. ખૂબ મંત્ર જપ કરો એવા આશીર્વાદ છે

પંદરમી ઓગસ્ટનો પરમપવિત્ર પર્વદિન એવી રીતે પ્રસન્નતા પૂર્વક પૂર્ણ થયો.

—હરિઃ ૐ—

# શ્રદ્ધા સર્જે છે ચમત્કાર

—રાજુ પુરોહિત

એક સત્ય ઘટના રજુ કરું છું.

થોડા દિવસો પહેલાં મારા પર એક પત્ર આવ્યો.

" પૂ. રાજુમામા,

વડોદરાથી લી. શાહ સુધીર રસીકલાલના વંદન.

બીજું પત્ર લખવાનું કારણ ઘણા સમયે તમને પત્ર લખું છું. આ પત્ર લખાવનાર મુંબઈવાળા જે. વી. શાહના બહેન શાહ કુસુમબહેન રસીકલાલ, વાડી હનુમાન પોળવાળા. બીજું ખાસ લખવાનું કે એક ચમત્કારી ઘટના બની છે. તે પણ ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રતાપે બનેલ છે. તો તમે ઘરે આવો. રૂબરૂ મળો તો વાત થાય. ને તે વાત અધ્યાત્મમાં લખાય તેવી કુસુમબહેનની ઈચ્છા છે. તો એક વાર રૂબરૂ મળી જાવ તો સારું છે. તમને તકલીફ આપીએ છીએ તો માફ કરજો.

લી. શાહ સુધીર "

મળવા ગયો ત્યારે કુસુમબહેને જે બે પ્રસંગ કહ્યા તે સાંભળી દરેક વસ્તુને તર્કની કસોટીએ ચડાવી જોવાનો મારો સ્વભાવ કોઈ સમાધાન શોધી ન શક્યો. વાતચીતમાં ભાવવાહી અવાજ સાથે કુસુમબહેને કહ્યું, "મને ક્યારેય એમ લાગતું નથી કે ઘરમાં માણસ નથી! મારા આત્મામાં તો આજે એ જ રમે છે. એમની કૃપાથી મારા અનેક કામ ઉકલી ગયા. હું ત્યાં જઈ શકતી નથી પણ મને ભાવ એટલો બધો છે કે જાણે અહીં જ મળતાં ન હોય આપણને! વગર ગયે મને આટલો ભાવ."



૪૦ વર્ષની આસપાસના કુસુમબહેનના પતિ નથી. બંને પગે અપંગ હોવાથી ઘોડી રાખીને જ ચાલવું પડે છે. છોકરા નાના છે. સૌથી મોટો છોકરો તે આ પત્ર લખનાર સુધીર હજી હમણા જ એસ. એસ. સી. માં આવ્યો. છતાં તે બહેન આનંદમાં રહે છે. જો કે તેમણે વાતચીતમાં કહ્યું, "રાજુભાઈ ખોટું નહિ બોલું ક્યારેક મને આપઘાતના વિચાર પણ આવી જાય છે. મારી પરિસ્થિતિની કોઈને હું વાત કરતી પણ નથી. ભાઈને પણ નથી લખતી. છતાં ન ધાર્યું હોય ત્યાંથી મદદ મળી જાય છે. કોઈની પાસે કાંઇ લેતી પણ નથી." આજુબાજુના છોકરાઓને ભણાવવાથી રૂા. ૧૨૫ જેટલું તેમને મળી રહે છે અને થોડી કુટુંબીજનો તરફથી મદદ. આમ બહેનનું જીવન ચાલે છે.

હા, તો પ્રસંગ એવો બન્યો કે તેમની બાજુમાં રહેતા પાડોશીને ત્યાં લગ્ન પ્રસંગે બે જાન મહારાષ્ટ્ર–ખાનદેશમાં આવેલ સીરપુર ગયેલી. વળતા સૂરત ગાડી બદલવી પડે. વડોદરા આવી થાક્યા-પાક્યા સુઈ ગયા. સવારે ઉઠીને જોયું તો એક મોટી પેટી ન મળે! આ એ જ બેગ હતી જેમાં ૧૬ હજાર રૂપિયા રોકડા, ૨૦ થી ૨૫ હજારના દાગીના અને ૧૫ હજાર રૂપિયાના કપડા હતાં! ખુબ તપાસ કરી, સૂરત અને બધે જઈ આવ્યા પરંતુ પેટી ન મળી તે ન જ મળી. કુસુમબહેનને ખબર પડી. તેમને પૂ. ગુરુદેવમાં પૂર્ણ શ્રદ્ધા. અને પૂ. શ્રી ને પ્રાર્થના કરી ધ્યાન કર્યું. તેમને કોણ જાણે કઈ રીતે પ્રેરણા થઈ. અંદરથી અવાજ આવ્યો–કે તેમણે કહ્યું, " કાલે સવારના ૧૧ વાગ્યા પહેલાં પેટી મળી જશે. તમે સૂરત જાવ અને કુલીને પકડી રીમાન્ડ પર લો. તેની પાસે જ છે! "

વડોદરાથી પેલા ભાઈ પોલિસ સાથે સૂરત ગયા. કુલીને

પકડી ધમકાવ્યો અને? આખરે તે જ બન્યું. તા. ૧૭ મી મે ના રોજ સવારે ૧૦–૩૦ વાગ્યે પેટી મળી ગઈ!

આવો જ બીજો પ્રસંગ પણ તે સમય દરમિયાન જ બન્યો. પાડોશી પુષ્પાબેનનું કાનનું એકાદ તોલાનું સોનાનું આભુષણ ખોવાયું. કુસુમબહેને તેમને પણ કહ્યું "મળી જશે. એક ભાઈ સામેથી આવીને આપી જશે. મને મારા ગુરુ-દેવમાં શ્રદ્ધા છે. મને જે પ્રેરણા થાય તે ખોટી ન હોય." આ વાત કરતાં કુસુમબહેને મને કહ્યું, "રાજુભાઈ, શ્રદ્ધા એ મોટામાં મોટું છે. શ્રદ્ધા ચમત્કાર સર્જે છે. મને ધ્યાન કરતા તો આવડતુ નથી પણ હું અંદર આત્મામાં જ ધ્યાન ધરુ છું અને મને પ્રશ્નોના જવાબ મળી જાય!" બન્યું એવું કે બે દિવસ પછી એક છોકરો સામેથી તે આપી ગયો. તે છોકરાએ જ કહ્યું કે, "હું તેને સોની પાસે બતાડવા લઈ ગયો હતો કે સાચું છે કે ખોટું? સોની કહે કે સાચું છે. એટલે પાછું લઇ આવ્યો!"

કુસુમબહેને મને પત્ર એટલા માટે પણ લખ્યો હતો કે તેમને ધ્યાનકેન્દ્રમાં પેંડાનો પ્રસાદ વહેંચવાનું તેમના બંને પાડોશીઓને કહેલું. કેટલાક કારણોસર હું તેમને મળવા મોડો જઈ શક્યો આથી બંને પાડોશીએ સવાપાંચ શેર પેંડા મંદિરમાં અને બાળકોને વહેંચ્યા!

મેં તેઓને પૂ. શ્રી પરદેશ ગયા છે. એ સમાચાર આપ્યા. તો તેઓ ખુશ થયા. મને કહે, "રાજુભાઈ–મહાન વ્યક્તિ હોય એને પગલે પગલે અમી ઝરતા હોય છે. એય પુણ્ય છે ને કે અનાર્ય દેશમાં પણ તેમની ખ્યાતી છે. મને તો લાગે છે કે આ તો સાક્ષાત છે." આંખમાં પૂ. ગુરુદેવ પ્રત્યેના પ્રેમના આંસુ સાથે તથા પૂર્ણ ભક્તિભાવ અને શ્રદ્ધા સાથે બોલાયેલા આ શબ્દો સાંભળી, મનોમન હું તેમાંમના ચરણે નમી પડ્યો.



# ગઢાળીના આંબા શેઠ

નાનુભાઈ દવે

[ભગવાન માટે વાપર્યું તે જ બચત]

ગઢડાથી ત્રણ ગાઉ છેટે ગઢાળી ગામ છે. એમાં વણિક જ્ઞાતિના આંબા શેઠ રહે. એમની દુકાને સીધું સામાન રાખતા ને ઘેર ઢોર પણ બાંધતા. ઘી થાય તે વેચતા. મહેનતુ હતા ને સુખી હતા.

એવામાં મહારાજે ગઢડામાં મુકામ કર્યો ને આંબા શેઠ સત્સંગી થયા. એમણે નિયમ કર્યો કે રોજ મહારાજના દર્શને ચાલતા જવું. ચોમાસું હોય કે શિયાળો, પણ મહા-રાજના દર્શને જવાનું. પછી એમ પણ થયું કે ખાલી હાથે મહારાજનાં દર્શને ન જવાય. એટલે દૂધ, દહીં, માખણ, કંઇક તો લેતા જાય. કદીક શેરડીનો ભારો, તો કદીક ચણાનો ઓળો, તરબૂચ, સાકરટેટી, દાડમ, શેરડી, જમરૂખ કે પોપૈયા-નું આખું ગાડું લઈ લે. ને ગઢડે જઈ સંતોને વહેંચી દે. આમ ઉત્તમ વસ્તુઓ લઈ જવાની એમને ઘણી હોંસ હતી.

એકવાર શિયાળામાં ત્રણ ડબા ઘી થયું. એની સોડમ સરસ આવે. આ તો થીજું હાથે હાથે મહારાજને ખવરાવવા જેવું છે; રાજી થશે. પણ નકરું ઘી હોય તો બહુ ન ખવાય. એટલે એમણે ગાડામાં ખજૂર લીધું ને ઘીના બે ડબા ગોઠ-વ્યા. સવારમાં ગયા ગઢડે. આ બધું લઈ આવતાં મોડું થયેલું ગઢડે પહોંચ્યા ત્યારે મહારાજ સભામાં બેઠેલા ત્યાં જઈને એમણે કહ્યું, 'મહારાજ, માલ સારો લાવ્યો છું.'

રોકડિયા ગ્રાહકોને મોકલો. અને પછી આગ્રહ કરી કરીને સંતોને એમણે ઘી–ને ખજૂર ખવડાવ્યાં. થીજેલુ ઘી તો હાથે હાથે આપ્યું.

આપીને-જમાડીને રાજી થનારા માણસો થોડા જ હોય છે. એનો છંદ લાગે પછી તે છૂટતો નથી  આપવાથી હેત વધે છે એટલું જ નહિ પણ અધિક મળે છે. ધરતીને એક કણ આપો, એટલે એ હજાર કણ કરી આપે. તો ભગવાનને આપેલું એથીયે અધિક થાય.

આંબા શેઠે નવું ઘર બનાવ્યું. એટલે પહેલાં મહારાજને યાદ કર્યા એમણે ગઢડે આવી મહારાજને સંતો સાથે પધારવા વિનંતી કરી. મહારાજ જાણતા હતા કે અમે જઈશું એટલે ખર્ચ ઘણો કરશે. પ્રેમ છે એટલે પાછું વાળી જોશે નહિ. એથી બોલ્યા: "અમે આવીએ પણ તમે ખર્ચ બહુ કરશો નહિ, દાળ ને રોટલા જમાડજો." સૂચના આપી સંતોને શેઠની સાથે રવાના કર્યા. બ્રહ્મચારીઓ રસોઈ બનાવે. એમ પણ કહ્યું.

બીજે દિવસે મહારાજ પધાર્યા, એટલે બાજઠ ઉપર બેસાડી-સામે બીજા બાજઠ ઉપર થાળ પીરસાવીને મૂક્યો. એમાં નજર કરી મહારાજે પૂછ્યું "શેઠ, તમે આ શું કર્યું?"

"એ તો દાળ છે, મહારાજ." શેઠ બોલ્યા. ભૂલથી હળદર નાંખવી રહી ગઈ હશે. પણ સાધુને સ્વાદ શા! જેવું હોય તેવું જમી લેવું." શેઠે માલપુવા ને દૂધપાકની રસોઈ કરી હતી. શેઠનો પ્રેમ ઊભરાતો હતો, તે જોઈ મહારાજ પંક્તિમાં પીરસવા લાગ્યા. એમને પણ ઘણો આનંદ થયો.

પછી સભા કરી. મહારાજશ્રીનું પૂજન કરી એમને ઉત્તમ વસ્તુઓની ભેટ ધરી. એમણે મહારાજને કહ્યું: 'અમે તમારું નવું નામ પાડયું છે-ન્યાલકરણ' એવું નામ તે હોતું હશે? મહારાજે કહ્યું. શેઠ બોલ્યા, "હા મહારાજ, તમે ભક્તોને ન્યાલ કરી દો છો-એટલે ન્યાલકરણ. એમ નામ પાડી શેઠે આખા ગામમાં સાકર વહેંચી.



દાદા ખાચરને ત્યાં એક વખત ભેંસની જરૂર હતી. બહુ તપાસ કરી પણ સારી ભેંસ મળી નહિ. છેવટે આંબા શેઠને ત્યાં સારી ભેંસ હતી, એમ ભરવાડે કહ્યું. "પણ એ વેચશે નહિ" એમેય સાથે સાથે કહ્યું. એટલે સારી ભેંસ શોધી આપવાની શેઠને મોટીબાએ વાત કરી. એમણે ઘેર આવીને વહુને વાત કરી: "દૂધ-દહીં લઈને તો હું ઘણીવાર ગઢડે જાઉં છું પણ થાય છે કે ત્યાં આપણી ભેંસ જ આપી આવું. પરંતુ વહુને આ વાત ના ગમી. એમણે કહ્યું "દૂધ-દહીં તો અપાય, ભેંસ ના અપાય. એ સારી છે. આવી ભેંસ મળવી મુશ્કેલ છે."

શેઠે વિચાર્યું, ઘરમાં દબાણ નથી વાપરવું ને ભેંસ મહારાજને દેવી છે. એથી એમણે એક યુક્તિ કરી. ગામના પોતાના એક પરિચિતના ખેતરે જઈ છાનામાના ભેંસ બાંધી આવ્યા. પછી સાંજે ભેંસ ન આવી ત્યારે ગોતવા નીકળ્યા પણ ભેંસ ન જ મળી. શાની મળે? ખોવાણી હોય તો મળે ને?

ઘરે આવી શેઠે ઘણો બળાપો કર્યો. મહારાજને ભેંસ દીધી નહિ ને ચોરો લઈ ગયા. આના કરતાં તો મહારાજને દીધી હોત, તોય સારું. શેઠાણીનેય દુઃખ થયું. શેઠે કહ્યું, મહારાજ, જો ભેંસ પાછી મળશે તો હવે હું ગઢડે દઈ જઈશ." શેઠાણીએ પણ સંમતિ આપી. એમણેય કહ્યું ભેંસ જડી જાય તો મહારાજને ત્યાં જરૂર આપી આવજો. આ તો આપણેય ન રહી ને મહારાજને પણ ન દેવાણી."

બસ. થઈ રહ્યું. આંબા શેઠને તો એટલું જ જોઈતું હતું. એ તો બીજા દિવસે મિત્રના ફ્વાથી ભેંસ છોડી લાવી સીધા ઉપડયા ગઢડા. ક્લેશ લાવ્યા સિવાય ધાર્યું કામ પાર પડયું હતું એનો એમને આનંદ હતો. વળી ધર્મના કામમાં ઢીલ

નથી કરવી, રખે વિચાર બદલાઈ જાય.

મહારાજે આંબા શેઠને સરસ ભેંસ લઈને આવતા જોયા. એથી એમણે પૂછ્યું: " બીજું દૂઝણું છે ને શેઠ ? તો કહે ' ગાય છે હું તો તમારે શરણે થયો છું. પણ આ ભેંસ નહોતી થઈ. એણે અમને સાચવ્યાં છે. અહીં આવી એટલે એનું ય કલ્યાણ થશે. "

" એ ભેંસની સેવા કરવા તો મહારાણી આવશે. " મહારાજે કહ્યું. ને એમ જ બન્યું. ઉદેપુરનાં રાજકુંવરના વહુ ઝમકુબાએ એની સેવા કરેલી.

મહારાજે કહેલું, " ગાય સાટું વાળશે એ વાત પણ સિદ્ધ થઈ ગાય ટંકે દસ શેર દૂધ દેવા લાગી.

એક વાર આંબા શેઠને મહારાજને સુંદર શય્યા આપવાનો ઉમંગ થયો. એટલે એમણે તો સરસ ઢોલિયો, નવું ગાદલું, ઉપર ઓછાડ, ઓશીકાં, ને ગાલમસુરિયાં તૈયાર કરાવ્યાં. પછી ઢોલિયો પોતાને માથે લીધો ને ચાલતા આવ્યા ગઢડે. તે વખતે સભા ચાલુ હતી. મહારાજે પૂછ્યું: ' શેઠ, આ શું ? તો કહે, ' ગામમાં આગ લાગી તેમાં બધું બળી ગયું, આટલું જ બચ્યું તે અહીં ઊંચકી લાવ્યો છું. આ સાંભળી સભાજનો વિચારમાં પડયાં ને દુઃખી થવા લાગ્યા, ત્યારે શેઠે ખુલાસો કરતાં કહ્યું: "જે મહારાજના કામમાં ના આવે તે બધું બળી ગયું માનવું. એમના ઉપયોગમાં આવ્યું તે જ સાચું બચ્યું ગણાય." આંબા શેઠની કેવી અદ્ભુત સમજ ને કેવો ઉત્તમ ભાવ !

એમ કરતાં આંબાશેઠે એવો નિયમ લીધેલો કે રોજ લીલા બાવળનું દાતણ કાપી લાવે ને રાત્રે એને એલચીના કોથળામાં ખોસી રાખે. વહેલી સવારે ચાર વાગે ઊઠી દાતણ લઈ ગઢડે જાય ને મહારાજ ઊઠે એટલે દાતણ આપી મહારાજને પ્રણામ



કરી દી ઊગતામાં ગઢાળી પાછા આવી જાય. શેઠનું શરીર મજબૂત હતું ને શ્રદ્ધા ઘણી હતી. મહારાજના દર્શન કર્યા વિના શેઠ મોંમાં કંઈ લેતા નહિ.

એકવાર શેઠ દાતણ લઇ ગઢડે ગયા ત્યારે જાણ્યું કે મહારાજ તો અચાનક સારંગપુર ગયા છે ! મહારાજે બહારગામ જતાં મૂર્તિનાં દર્શન કરી અન્ન લેવાનું કહેલું, તે મૂર્તિ પણ મળી ન હતી. એટલે શેઠ સીધા સારંગપુર પહોંચ્યા. પણ મહારાજ તો ત્યાંથી કામ પતાવી લોયા ગયા ને ત્યાંથી વડતાલ પહોંચ્યા. શેઠને છેટું ઘણું પડી ગયું. વળી મહારાજ તો માણકી ઘોડી ઉપર એટલે શે પહોંચાય ! પરંતુ શેઠ તો ચાલતા જ રહ્યા. પાંચ દિવસે વડતાલ પહોંચી શેઠ મહારાજને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. તે જોઈને મહારાજ આશ્ચર્ય પામ્યા. પૂછ્યું, ' કેમ અચાનક આવવું થયું ? " સભામાં બેઠેલાં સર્વેને શેઠના નિયમની જાણ કરવી હતી એટલે મહારાજે પૂછ્યું. "કેટલા દિવસ થયા ઘરેથી નીકળ્યા છો ?"

" આજે છઠ્ઠો દિવસ છે, મહારાજ આપની પાછળ પાછળ ગઢડાથી સારંગપુર, લોયા ને વડતાલ આવું છું "

મહારાજ તત્કાળ ઊભા થયા. એમને પ્રસાદીનો હાર પહેરાવ્યો ને એમની ખૂબ પ્રશંસા કરી. છ દિવસના ભૂખ્યા ને તરસ્યા સાઠ ગાઉનો પંથ કાપીને આવેલા. આંબા શેઠ માટે મહારાજે થાળ તૈયાર કરાવ્યો ને જમવા બેસાડયા. પોતે જાતે પીરસી સારી રીતે જમાડયા.

કેવી અનન્ય શ્રદ્ધા ભક્તિ આંબા શેઠની !

[ ટૂંકાવીને ]

# અમરમંત્ર

કલ્યાણભાઈ હ. છાયા

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥ ૐ આપો જ્યોતિ રસોऽમૃતં બ્રહ્મ ભૂર્ભુવઃસ્વરોમ્ ॥

પ્રત્યક્ષ દેવ ભગવાન **શ્રી** સૂર્યનારાયણને પ્રતિ પ્રાતર્ અર્ઘ્ય આપતાં દરેક દ્વિજ ઉપરોક્ત અમર-મંત્ર ( શીર્ષકસહ ) નું ઉચ્ચારણ કરે છે.

એમાં એ શું માગે છે ? એમાં એ પોતાની બુદ્ધિની તેજસ્વિતા માગે છે. અર્થાત્ આર્યોએ બુદ્ધિને અગ્રસ્થાન આપ્યું છે.

અહીં સ્વામી વિવેકાનંદનો એક પ્રસંગ યાદ આવતાં ટાંકું છું:

તેઓશ્રીને કોઈકે પૂછ્યું કે 'તમારા ધર્મનો સાર શો છે ?' તેઓએ જણાવ્યું 'The essence of my religion is strength' ઉપનિષદોનો સાર બળ ઉપાસના છે. તેઓ કહેતા કે મને એક ડઝન એવા યુવાનો આપો કે જેની માંસ પેસી લોખંડી હોય અને મગજ પોલાદી હોય. તો હું દેશની કાયા પલટ કરી દઉં-સિકલ બદલી નાખું.

મજબૂત દેહ ઘડતરની સાથે દિમાગ ઘડતરની એટલી જ આવશ્યકતા છે. જેમ ખડતલ શરીર વગર કેવળ બુદ્ધિ કશા ઉપયોગની નથી, તેમ તેજસ્વી બુદ્ધિ ( પોલાદી બુદ્ધિ ) વગર માત્ર મલ્લશરીરનો કશો અર્થ નથી. અને તેથી જ કદાચ આપણા ઋષિમુનિઓએ અમર-ગાયત્રી-મંત્રને અગ્રસ્થાન આપ્યું છે. ઈત્યોમ્



# રામકથા

હપ્તો ચોથો

શ્રીયોગેશ્વરજી

## રામસીતાનું પ્રથમ દર્શન

નિશ્ચિત સમય થવા આવ્યો. એટલે સીતા માતા ભવાનીનાં દર્શન તથા પૂજન માટે તૈયાર થઈ.

રાજભવનની થોડેક દૂર સુંદર ઉદ્યાન હતું. એમાં રંગબેરંગી ફૂલોની ફોરમથી ભરેલી ફૂલવાડી હતી.

એ ઉદ્યાનની એક બાજુ સરોવરને સામે કિનારે, જગદંબાનું નાનકડું છતાં સુંદર, ચિત્તાકર્ષક, મંગલમય મંદિર હતું.

એમાં માતા ભવાનીની મૂર્તિ હતી.

એ મંદિર અને ઉદ્યાન પર રાજકુટુંબનો અધિકાર હતો.

રાજા જનકે એ બંધાવેલું અને એમના તરફથી જ એનો વહીવટ ચાલતો.

સીતા એ મંદિરમાં રોજ પૂજા કરવા આવતી ને પોતાની સખીઓ સાથે ઘડી બે ઘડી વિશ્રામ કરતી.

આજે પણ એણે જગદંબાની પૂજા કરવાના ઉદ્દેશથી એ સુંદર ઉદ્યાનમાં પ્રવેશ કર્યો.

સમીરની શીતળ લહરી એનું સ્વાગત કરતાં એને વીંટી વળી.

પંખીઓ પ્રેમને પ્રકટ કરતાં પ્રસન્નતાથી પોકારી ઉઠયાં.

સવારનો શરૂઆતનો સમય હોવાથી સૂર્યના કોમળ કિરણો પણ એના શરીર પર તાજગી આપતાં ફરી વળ્યાં.

કોઈક ભ્રમર એનાં મુખમંડળની આગળ ઊડવા લાગ્યો.

એને એણે દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

થોડાક વખત સુધી એ એની આજુબાજુ ભમતો રહ્યો ને છેવટે જતો રહ્યો.

સીતા ભવાની માતાનાં મંદિરે જવા ફૂલવાડીમાં થઈને આગળ વધી.

એ જ વખતે ઉદ્યાનની બીજી બાજુથી રામ અને લક્ષ્મણે મિથિલાના બે ત્રણ પુરુષો સાથે ફૂલવાડીમાં પ્રવેશ કર્યો.

ફૂલવાડીને જોતાં વેંત જ રામે લક્ષ્મણને સંબોધીને કહેવા માંડયું :

'લક્ષ્મણ, ફૂલવાડી કેટલી બધી સુંદર છે ? આવી ભાત ભાતનાં ફૂલોથી ભરેલી ફોરમવંતી ફૂલવાડી તો આપણે આજ સુધી બીજે કયાંય નથી જોઈ. એને જોતાં જ મન ઠરી જાય છે, ને શાંત થાય છે. રાજા જનકના નગરને જોવા નીકળ્યા તો અત્યંત સુંદર જગ્યાપણ જોવા મળી ગઈ. તેને આ જગ્યા કેવી લાગી ?'

'એમાં પુછવા જેવું છે જ શું ? આ ફૂલવાડી આજસુધી જોયેલી ફૂલવાડીઓમાં ।અજોડ ને મિથિલા નગરીની શોભા જેવી છે.

સાથે આવેલા પુરુષોમાંના એકે કહ્યું :

'મેં કરેલી આ ઉદ્યાનની પ્રશંસા તમને વધારે પડતી લાગી હશે. પરંતુ હવે તમને ખાતરી થશે કે મેં કરેલી પ્રશંસા તો તદ્દન અલ્પ હતી.

'સાચું છે. હવે એ વાતની પ્રતીતિ થઈ ગઈ. આવું સરસ ઉદ્યાન અમારી અયોધ્યાપુરીમાં પણ નથી જોયું' ' રામે કહ્યું".

'આ ઉદ્યાન અને એની અંદરની ચિત્ર વિચિત્ર ફૂલવાડીને જોવાથી રાજા જનકની ઉત્તમ રસવૃત્તિનો પરિચય મળે છે. રાજા જનક આત્મજ્ઞાની છે. પરંતુ રસથી રહિત નથી જ.' બીજા પુરુષે જણાવ્યું.

રાજા જનક પોતે કોઈ કોઈ વાર આ ફૂલવાડીમાં ફરવા માટે આવી પહોંચે છે. અને એમની પુત્રી સીતા પણ ભવાની માતાનાં દર્શન માટે આવ્યા કરે છે. મુનિવિશ્વામિત્રનું નામ સાંભળીને તથા તમારું સુંદર સ્વરૂપ જોઈને ને કુળવૃત્તાંત જાણીને માળીએ આપણને અંદર આવવા દીધા, નહિતો મોટે ભાગે સામાન્ય માણસોને આ ઉદ્યાનમાં જ્યારે ત્યારે નથી આવવા દેતા એમના પ્રવેશ માટેનો દિવસ અને સમય નિશ્ચિત હોય છે. તમારી સાથે અમારું પણ એટલું સદ્‌ભાગ્ય



કે અમે અંદર આવી શક્યા.'

ફૂલવાડીને નિહાળતાં અને એની પ્રશસ્તિ કરતાં રામ અને લક્ષ્મણ સરોવર આગળ આવી પહોંચ્યાં. તથા એની અંદરનાં કમનીય કમળને જોવા માંડયાં. 'કેટલાં સુંદર કમળ છે ?' રામે ઉદ્‌ગાર કાઢયા.

ત્યાં તો એમની નજર સામેથી આવતી સીતા પર પડી.

સૌથી આગળ જનક પુત્રી સીતા હતી. એની પાછળ જનક પુત્રી ઉર્મિલા, અને એની પાછળ હાથમાં પૂજાનાં સુવર્ણપાત્રો લઈને ચાલતી ચાર સેવિકાઓ.

સીતા, ઉર્મિલા તથા સેવિકાઓની નજર પણ એ જ વખતે રામ, લક્ષ્મણ ને બીજા પુરુષો પર પડી.

'અરે આ કોણ છે'? સીતાએ ઉદ્‌ગાર કાઢયાઃ–આ તે મનુષ્ય છે કે કોઈ દેવ ? આપણી ફૂલવાડીમાં અત્યારે આમ સ્વતંત્ર રીતે કોણ વિહાર કરી રહ્યું છે ?

ઉર્મિલાએ રામ અને લક્ષ્મણને જોઈ ને કલ્પના કરતાં કહ્યું.

'કોઈ સ્વયંવરમાં આવેલા રાજકુમારો લાગે છે. !

'સ્વયંવરમાં આવેલા રાજકુમારો ?'

'એમના સિવાય આવી અસાધારણ સુંદરતા બીજા કોનામાં હોઈ શકે ?'

સેવિકા બોલીઃ

'એ તો અયોધ્યાના રાજા દશરથના પુત્ર રામ ને લક્ષ્મણ છે.'

'રામ અને લક્ષ્મણ ?' સીતાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા રામ અને લક્ષ્મણ. આગળ જ શ્યામ જેવા છે તે રામ છે, અને ગોરા છે તે લક્ષ્મણ છે. મુનિ વિશ્વામિત્રની સેવામાં ગયેલા સેવકે મને ગઈ કાલે જ એમનો પરિચય કરાવેલો. એ બંને રાજકુમારો મુનિ વિશ્વામિત્રની સાથે આવ્યા છે.'

સીતા રામ તરફ અને ઉર્મિલા લક્ષ્મણ તરફ એકીટસે જોઈ રહી. સીતાની ચાલ થોડીક વારને માટે થંભી ગઈ.

એના અંતરમાં રામને જોઈને કોણ જાણે કેમ પણ સ્નેહના અથવા કહો કે આકર્ષણનાં અંકુરો ઉગવા લાગ્યા.

એનું હૃદય રામ તરફ ખેંચાવા લાગ્યું ને બોલી ઉઠયું:

'આટલી બધી સુંદરતા? સુંદરતા ને મધુરતા તો આજે જ જોઈ. આવી સુંદરતા શું સંસારમાં હોઈ શકે?'

સીતાને સમજ ના પડી કે એનું અંતર આમ રામ તરફ કેમ ખેંચાઈ રહ્યું છે! પરંતુ એ ખેંચાવા લાગ્યું એ તો સાચું જ.

રામના હૃદયમાં પણ સીતાને જોઈને એવા જ ભાવ જાગવા માંડયા. એમણે પોતાની સાથે આવેલા પુરુષને પુછ્યું.

આ સુંદરતાની મૂર્તિ જેવી સુકુમારી કોણ છે? એ કોઇ વનદેવી છે કે શું? કોઈ અપ્સરા, ગંધર્વકન્યા કે રતિ પોતે જ પોતાની સખીઓ સાથે ઉદ્યાનમાં નીકળી પડી હોય એવું લાગે છે.

મિથિલાવાસીએ ઉત્તર આપ્યો: "એ કોઇ અપ્સરા, ગંધર્વ-કન્યા, રતિ કે વનદેવી નથી, પરંતુ એથી પણ વધારે સુંદર શીલવતી ને સ્નેહમયી જનકપુત્રી સીતા છે.' 'સીતા'? હા એ સીતા જ છે. એના નિત્ય નિયમ પ્રમાણે એ ભવાની માતાનું પૂજન કરવા આવી લાગે છે.'

'સીતા આટલી બધી સુંદર છે?'

'મિથિલા નગરીમાં અને મહારાજા જનકના રાજ્યમાં તો આટલું બધું સુંદર બીજું કોઇ જ નથી, અને મને તો ખાતરી છે કે બીજે પણ આટલું બધું સુંદર તો બીજું કોઈ જ નહિ હોય.'

'સાચું છે. આટલી બધી સુંદરતાનું દર્શન તો હું પહેલી વાર જ કરી રહ્યો છું. અપ્સરા કે ગંધર્વકન્યા સુંદર જરૂર હશે એની ના નહિ, પરંતુ સીતાની અંદર તો સૌંદર્યની સાથે શીલનો સમન્વય થયેલો છે. એ એની વિશેષતા છે.'

'કોણ જાણે કેમ પણ મારું અંતર આ સુકુમારીને જોઈને એક પ્રકારના ઉત્કટ આકર્ષણ અને મીઠી લાગણીનો અનુભવ કરી રહ્યું છે!



આવી આકર્ષણ અને આવી મીઠી લાગણી તો મને આજ સુધી બીજી કોઈ યે કન્યાને માટે નથી થઈ.' રામ મનોમન કહેવા લાગ્યા. ત્યાં તો લક્ષ્મણે પૂછ્યું!

'સીતાની સાથે ચાલનારી એવી જ સુંદર અને સંયમી તથા સંસ્કારી દેખાતી પેલી બીજી સુકુમારી કોણ છે? એ મારો પરિચય પૂછતી હોય તેમ ચાલતાં ચાલતાં મારા તરફ વચ્ચે વચ્ચે દૃષ્ટિપાત કરી રહી છે!

'એ ઉર્મિલા છે.' બીજા મિથિલાવાસીએ ઉત્તર આપ્યો.

'ઉર્મિલા?'

હા. સફેદ સાડીમાં શોભતી સીતાની સાથે ગુલાબી સાડીમાં સજ્જ થઈને ચાલનારી એ સુકુમારી બીજી કોઈ નહિ પણ ઉર્મિલા છે. એના નામ પ્રમાણે એ ભારે ઉર્મિશીલ કે લાગણીવશ બનીને ચાલી રહી છે. એ સીતાની નાની બેન છે. બંનેના કેશ જુદા છે. અને વર્ણ એક છે. પરંતુ ચાલ પરથી બંને જુદી પડી જાય છે.

લક્ષ્મણ ભવાની માતાના મંદિરનાં પગથિયાં પર ચઢતી ઉર્મિલાને જોઈ રહ્યો, ને રામ સીતા તરફ જોઈ રહ્યા.

સીતા પણ આગળ વધતી રામની મધુમય મૂર્તિ તરફ દૃષ્ટિપાત કરતી કોઈ અદ્‌ભુત રસ માણી રહી. એના અંતરમાં, મનમાં, વિચારમાં ને રોમેરોમમાં સ્નેહની માધુરી ફરી વળી.

જીવોને એકમેકને જોતાવેંત સ્નેહના આવા સુમધુર ભાવો કેમ થતા હશે? આ શરીરમાં એવું શું છે? શરીર તો પંચમહાભૂતનું પુતળું છે. એને સારો કે નરસો ભાવ કેવી રીતે થાય? પરંતુ એનો આધાર લઈને જે આત્મા કામ કરે છે ને જીવનનો પોતાને ફાળે આવેલો અભિનય કરે છે એ આત્મા પોતાના પહેલાંના સંસ્કારોને લીધે એમનાથી પ્રેરાઈને, બીજાને જોઈને સહજ રીતે જ સ્નેહનો અનુભવ કરે છે. એમ માનવું જ બરાબર લાગે છે.

રામને જોયા પછી સીતાને એટલું તો લાગ્યું જ કે પોતાના પિતા જનકનું રામ પ્રત્યેનું આકર્ષણ આધાર વિનાનું તો નથી જ. રામ છે જ એવા અદ્દ્ભુત, અનેરા અથવા અસાધારણ કે એમને જોઈને સૌને આકર્ષણ થાય જ. આવા મન મોહન હૃદયાભિરામ રામની સાથે પોતાનો વિવાહ કરવાનો વિચાર એમને આવે તેમજ પસંદ પડે એ સ્વાભાવિક છે. પોતાને પણ એ ગમે. પરંતુ...એમણે તો સ્વયંવર રચ્યો છે. ભવાની માતાની મધુર મૂર્તિ સામે જ ઊભી રહેલી સીતાના વિચારોને વાંચીને એ જાણે સ્મિત કરતી.

સીતાએ એની પૂજા કરી. એને ફૂલમાળા ચઢાવી, અને એને પગે લાગીને એની સ્તુતિ કરી.

એ વખતે પણ એની આંખ આગળ રામની મૂર્તિ રમી રહી. એને થયું કે દેવર્ષિ નારદના સ્વપ્નની એકવાત તો સાચી પડી. એટલા પૂરતું એ સ્વપ્ન સાચું કહેવાય. પરંતુ બીજી વાત...? બીજી વાતની સત્યતાની શકયતા ઘણી ઓછી છે. છતાં પણ કાંઈ કહેવાય નહિ. રામ આજે મળશે એ ભવિષ્ય કથનની સચ્ચાઈની શકયતા પણ આજે ઉદ્યાનમાં આવી ત્યાં સુધી કયાં લાગતી'તી? એવી રીતે આગળના ભવિષ્ય કથનની શકયતાને પણ સાવ નકારી કઢાય તો નહિ જ.

એ વિચારથી એનું અંતર ઉછળવા લાગ્યું.

સ્વપ્નની સફળતાનો ઉલ્લાસ તો અનેરો છે. પણ સ્વપ્નના સેવનનો આનંદ પણ કાંઈ ઓછો નથી હોતો.

એ વાતને અનુભવીઓ સારી પેઠે સમજી શકે છે.

સીતાએ જગદંબાને દેવર્ષિ નારદનું આગળનું ભવિષ્ય કથન સાચું થાય એવી પ્રાર્થના કરી, ને રામને જોવા માટે મંદિરની બહાર આવીને દૃષ્ટિ કરી. એ દૃષ્ટિપાતને પરિણામે એને હર્ષ ને શોક બંનેનો અનુભવ થયો. હર્ષ એટલા માટે થયો કે રામ એને જોતા ફૂલવાડીમાં ઊભા હતા, અને શોક એટલા માટે થયો કે રામ થોડી વારમાં જ



ચાલ્યા જવાના હતા તથા પોતાને પણ હવે ઉદ્યાન છોડીને રાજપ્રસાદ તરફ ચાલવાનું હતું. એકમેકને જોવાનું પણ કાયમને માટે શક્ય ન હતું.

બંને એકમેકને જોઈને જુદી જુદી દિશામાં ચાલવા લાગ્યાં, પરંતુ એમના અંતર જુદી દિશામાં જવાની ના પાડવા માંડયાં.

લક્ષ્મણ અને ઉર્મિલાની અવસ્થા પણ કોઈક અંશે એવી જ થઈ ગઈ.

રામનો એ પહેલો મેળાપ સીતાને માટે એકદમ આકસ્મિક હતો, તો પણ સુખદ નીવડયો.

આંખ દ્વારા પરમાત્માનો પરમ પ્રકાશ પામવા, શરીરને શક્તિશાળી બનાવી, દરેક ઇન્દ્રિયને તેનો સારામાં સારો ઉપયોગ કરવાનો છે.

સાધકની જેમ જેઓ બીજાની સેવાની પ્રવૃત્તિમાં પડેલા છે, તેઓએ પણ સતત આત્મનિરીક્ષણ કરતા રહેવું જોઈએ. જેથી કોઈ અહં કે સ્વાર્થનો પ્રવેશ તો નથી થતોને એનું ધ્યાન રાખી શકાય. નાવમાં પડેલું નાનું છિદ્ર જેમ નાવ ડુબાડી દે છે, તેમ થોડી લાલચ કે સ્વાર્થ, સમય જતાં, ભ્રષ્ટ કરી સેવાનું જીવન નષ્ટ કરી દે છે.

—યોગેશ્વર




**Ronak Electricals**

**RAJESH B. CHOKSHI**
8/156, Amba Nivas;
Opp. Khan's Chawl;
Maroli Bazar R. S.
Dist. Valsad.
396436


૧. શ્રી બાબુભાઈ વ્હોરા.
૩૧, ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગપુરા, **અમદાવાદ-૯**

૨. શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ
C/o. શ્રી ઈશ્વરભાઈ એમ. શાહ. એ-૪, વિહાર કુંજ સોસાયટી, રણમુક્તેશ્વર મહાદેવ પાસે, **વડોદરા-૪**

૩. પ્રો. ટી. જી. ભટ્ટ
૪૪, નંદનવન સોસાયટી, ઘોડદોડ રોડ, **સુરત-૧**

૪. શ્રી શાન્તિલાલ કનેરિયા
કનેરિયા એન્જીનિયરીંગ વર્કસ, ઢેબર રોડ, **રાજકોટ-૧**

૫. શ્રી હરિભાઈ ભોજાણી
ગેસ્ટ હાઉસ રોડ, **મોરબી-૩૬૩ ૬૪૧**

૬. શ્રી ચંદ્રકાન્તભાઈ પંડ્યા
શિક્ષક, ખીરસરા

૭. શ્રી જે. વી. શાહ C/o. એસ. વી. એન્ટરપ્રાઈઝ,
૨૦૩, શારદા ચેમ્બર્સ, બીજે માળે, ૧૫, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ ૪૦૦ ૦૨૦

૮. શ્રી વિશ્વનાથ મૂ. જાની
૮૧, બાણગંગા રોડ, મઠની બાજુમાં, વાલકેશ્વર, **મુંબઈ-૬**

૯. શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ
C/o. મેસર્સ વલિયા બ્રધર્સ પ્રા. લિ., ૮૯, મેડોઝ સ્ટ્રીટ, અરારત, ત્રીજે માળે, **મુંબઈ-૨૩**

૧૦. શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
C/o. વિજયકુમાર પુરોહિત, સરકારી વસાહતની પાછળ, અંબિકા સોસાયટીની બાજુમાં, બેચરપુરા, **પાલનપુર.**

૧૧. શ્રી ભાઈલાલભાઈ છાટબાર
કૃષ્ણકુંજ, દાદા સાહેબ સામે, કાળાનાળા, **ભાવનગર-૨**

## ધર્માચરણ ને યુવાવસ્થા

લોકોમાં ક્યાંક ક્યાંક એવી ભ્રાન્ત માન્યતા પણ પ્રચલિત છે કે ધર્મ, સાધના, ઈશ્વરભક્તિ કે આધ્યાત્મિકતા તો વૃદ્ધાવસ્થામાં કરવાની વસ્તુઓ છે અને એનું અનુષ્ઠાન એકાંત પ્રદેશમાં કે અરણ્યમાં રહીએ તોજ થઈ શકે. એને માટે વર્તમાનજીવન, સગાંસંબંધીઓ ને ઘરબારનો ત્યાગ કરવો પડે. એટલે એમનું નામ આપણે નથી લેવા જેવું. વળી આ ઉપરાંત એવી બીજી માન્યતા પણ છે કે ધર્મના અનુષ્ઠાનથી જીવનના રસકસ સુકાઈ જાય છે ને જીવનમાં આનંદ જેવું કંઈ નથી રહેતું.

આ બન્ને માન્યતાઓ સાચી નથી. એથી ઉલટું, ધર્મ અથવા આધ્યાત્મિકતા વૃદ્ધાવસ્થામાં નહિ, પરંતુ યુવાવસ્થામાં જ આચરવાની વસ્તુઓ છે કે જ્યારે માણસમાં સ્ફૂર્તિ, લગન, જુસ્સો, નવું શોધવાની, ભોગ આપવાની ને કષ્ટો સહન કરવાની વૃત્તિ ને શક્તિ હોય છે. એટલે વધારે ને વધારે યુવાનો એમાં રસ લે ને પ્રવેશ કરે એ વ્યક્તિ, સમાજ ને દેશ માટે સારું છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, જગફોકના ડેલામાં, લોખંડબજાર, ભાવનગર.